# उपदेशरत्नकोश:

# UPADESH-RATNAKOSH

Padmajineshwarsuri

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિસદ્ગુરુભ્યો નમઃ

શ્રી ભુવનભાનુસૂરિ-જન્મશતાબ્દીએ નવલું નજરાણું-૫૧

नवनिर्मितसंस्कृतवृत्ति-उपदेशोपनिषद्-विभूषितः

पूजनीयाचार्यश्रीपद्मजिनेश्वरसूरिविरचितः सानुवादः

# ॥ उपदेशरत्नकोषः ॥

मूलसंशोधनम्-नूतनवृत्तिसर्जनम्-गुर्जरानुवादः-सम्पादनम्

प.पू. वैराग्यदेशनादक्षाचार्यदेवश्रीमद्विजयहेमचन्द्रसूरीश्वरशिष्या

आचार्यविजयकल्याणबोधिसूरीश्वरः

-: प्रकाशक :-

श्री जिनशासन आराधना ट्रस्ट

- **મૂળ કૃતિ** : ઉપદેશરત્નકોષ (પ્રાકૃત ૨૬ શ્લોક)
- **મૂળકૃતિકાર** : પ.પૂ. આચાર્યદેવ શ્રી પદ્મજિનેશ્વરસૂરીશ્વરજી મહારાજા
- **નવનિર્મિત સંસ્કૃત વૃત્તિ** : ઉપદેશોપનિષદ્
- **હસ્તાદર્શો દ્વારા મૂળકૃતિ સંશોધન+સંસ્કૃતિવૃત્તિ નવસર્જન+ગુર્જરભાવાનુવાદ+સંપાદનઃ** પ.પૂ. વૈરાગ્યદશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય**હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્ય પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય**કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ**.
- **વિષય** : ઉપદેશ
- **વિશેષતા** : માત્ર ૨૬ શ્લોકો દ્વારા જાણે ગાગરમાં સાગર ભર્યો હોય તેવો અદ્ભુત ઉપદેશ છે. પ્રત્યેક પદે રત્નોનો ખજાનો છે. ઉપદેશરત્નકોષ એવું આ કૃતિનું નામખરેખર સાર્થક છે. લૌકિક-લોકોત્તર બંને રીતે જિંદગીને જીતી જવા માટેની અણમોલ નીતિઓનો આ સંગ્રહ અવશ્ય પરિશીલનીય છે.

**પઠન-પાઠનના અધિકારી** : ગીતાર્થગુરુ અનુજ્ઞાત આત્મા.

- વિ.સં. ૨૦૬૮ • **આવૃત્તિ** : પ્રથમ • **પ્રતિ** : ૫૦૦ • **મૂલ્ય : રૂા. ૧૦૦**
- **પ્રકાશક** : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

E-mail : jinshasan_108@yahoo.com



© શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યથી પ્રકાશિત થયું છે. માટે ગૃહસ્થે મૂલ્ય ચૂકવીને માલિકી કરવી.

આ પુસ્તકના કોઈપણ અંશનો ઉપયોગ કરતા પૂર્વે લેખક તથા પ્રકાશકની લેખિત મંજૂરી મેળવવી જરૂરી છે.

Copyright held by Shree Jinshasan Aradhana Trust under Indian Copyright Act, 1957. http://copyright.gov.in/documents/ copyright rules 1957, pdf.

Note : Unauthorised usage, whether uploading on any website or printing in a book or forwarding to others on the internet or putting up on a blog is prohibited. Reproduction of this text by any means whether in part or in full, cannot be made unless express written consent obtained from shree Jinshasan Aradhana Trust. Any violation of this shall be deemed a violation of the intellectual rights of the publisher & of the copyright act, 1957.



**મુદ્રક : ભરત ગ્રાફિક્સ,** ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
Ph. : 079-22134176, M : 9925020106, E-mail : bharatgraphics1@gmail.com

चरमतीर्थपतिः करुणासागरः श्रीमहावीरस्वामी





अनन्तलब्धिनिधानः श्रीगौतमस्वामी

पञ्चमगणधरः श्रीसुधर्मास्वामी



## કૃપા વરસે અનરાધાર

સિદ્ધાંતમહોદધિ સુવિશાલગચ્છસર્જક પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

વર્ધમાન તપોનિધિ ન્યાયવિશારદ પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

અજોડ ગુરુસમર્પિત ગુણગણનિધિ પ.પૂ. પંન્યાસપ્રવર

**શ્રી પદ્મવિજયજી ગણિવર્ય**

વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

અનુમોદના... અભિનંદન... ધન્યવાદ

# સુકૃત સહયોગી

---

# શ્રી
# જીવીબેન ઉપાશ્રય
## વિરમગામ

---

**જ્ઞાનનિધિના સદ્વિનિયોગ બદલ**
**શ્રીસંઘ તથા ટ્રસ્ટીઓની**
**ભૂરી ભૂરિ અનુમોદના**

- **પ્રાપ્તિસ્થાન :** શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

**મુંબઈ :** શ્રી ચંદ્રકુમારભાઈ બી. જરીવાલા, દુ.નં. ૬, બદ્રીકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ 'ઈ' રોડ, નેતાજી સુભાષ માર્ગ, મુંબઈ. ફોન : ૨૨૮૧૮૩૯૦

શ્રી અક્ષયભાઈ જે. શાહ, ૫૦૬, પદ્મએપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે, સર્વોદયનગર મુલુંડ (વે.) મુંબઈ-૪૦૦૦૮૦. ફોન : ૨૫૬૭૪૭૮૦

**પાટણ :** શ્રી ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી, ૬-બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા રેલવે ગરનાળા પાસે, પાટણ, ઉ.ગુ. ફોન : ૨૩૧૬૦૩

**અમદાવાદ :** શ્રી બાબુભાઈ, સિદ્ધાચલ બંગલોઝ, સેન્ટ એન. સ્કુલ પાસે, હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૫.
ફોન : ૨૭૫૦૫૭૨૦, ૨૨૧૩૨૫૪૩

# एसो कोसो वियरियतोसो

જિનશાસનની પરંપરામાં થયેલા એક મહાવિદ્વાન પૂર્વાચાર્ય એટલે પ.પૂ. આચાર્યદેવ શ્રી પદ્મજિનેશ્વરસૂરીશ્વરજી મહારાજા.

એમના વિષે બીજી કોઈ જાણકારી પ્રાપ્ત થઈ નથી. છતાં પણ આ અદ્ભુત કૃતિ જ એમનો પરિચય મેળવવા પૂરતી છે. પૃષ્ઠ-૨ પર પ્રસ્તુત કૃતિની વિશેષતા જણાવી છે, તેથી અત્રે પુનરાવર્તન કરતો નથી.

અધિકારી વાચક વર્ગ આ કૃતિનું ખૂબ પરિશીલન કરે, તેના રહસ્યોની પરિણતિ પ્રાપ્ત કરે અને તેના દ્વારા આ લોક, પરલોક અને પરમલોકમાં સુખ પ્રાપ્ત કરે, એ અભિલાષાથી આ કૃતિ પર સંસ્કૃત વૃત્તિનું નવસર્જન કર્યું છે.

ચરમતીર્થપતિ કરુણાસાગર શ્રમણ ભગવાન શ્રી મહાવીર-સ્વામી તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ **શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની પરમકૃપાથી આ પ્રબંધ સંપન્ન થયો છે. આ ગ્રંથના મૂલાધાર છે પૂ. મુનિ **જિનપ્રેમવિ.** અને અનન્ય સહયોગી છે મુનિ **ભાવપ્રેમવિ.** અને મુનિ **રાજપ્રેમવિ.** તથા ભરત ગ્રાફિક્સના પ્રયત્નોથી ટાઈપસેટીંગ આદિ કાર્ય કુશળતાપૂર્વક પાર પડેલ છે. આ પ્રબંધમાં ક્યાંય પણ ઉત્સૂત્રાદિ દોષયુક્ત નિરૂપણ થયું હોય તો મિચ્છામિદુક્કડમ્. કૃપા કરીને બહુશ્રુતો તેનું સંશોધન કરે.

આ પ્રબંધના માધ્યમે સ્વ-પરનું કલ્યાણ થાય એ જ શુભાભિલાષા સહ વિરમું છું.

**દ્વિતીય વૈશાખ વદ-૭,**
**વિ.સં. ૨૦૬૬**
**મેઘદૂત જીન (પાલેજ).**

**પરમપૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ**
**શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજીમહારાજાનો ચરણકિંકર**
**આચાર્ય વિજયકલ્યાણબોધિસૂરિ**

# સંશોધનમાં ઉપયુક્ત હસ્તાદર્શોનો પરિચય

क - શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર - પાટણ

ડાબલા નં. ૩૯૪, પ્રતિ નં. ૧૮૮૯૪, પત્ર સંખ્યા-૨૦, પ્રથમપત્ર



क - શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર - પાટણ

ડાબલા નં. ૩૯૪, પ્રતિ નં. ૧૮૮૯૪, પત્ર સંખ્યા-૨૦, અંતિમપત્ર



## ख - श्री હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર - પાટણ

ડાબલા નં. ૪૦૧, પ્રતિ નં. ૧૯૨૯૮, પત્ર સંખ્યા-૨, પ્રથમપત્ર



## ख - श्री હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર - પાટણ

ડાબલા નં. ૪૦૧, પ્રતિ નં. ૧૯૨૯૮, પત્ર સંખ્યા-૨, અંતિમપત્ર



# ઉપદેશરત્નકોષ ઝલક

नियमिज्जइ नियजीहा
अविआरिअं नेव किज्जए कज्जं ॥
न कुलक्कमो अ लुप्पइ
कुविओ किं कुणइ कलिकालो ॥५॥
अप्पा न पसंसिज्जइ
निंदिज्जइ दुज्जणो वि न कयावि ।
बहु बहुसो न हसिज्जइ
लब्भइ गुरुअत्तणं तेण ॥९॥
वसणे वि न मुज्झिज्जइ
मुञ्चइ माणो न नाम मरणेवि ।
विहवक्खएवि दिज्जइ
वयमसिधारं खु धीराणं ॥१३॥
जंपिज्जइ पिअवयणं
किज्जइ विणओ अ दिज्जए दाणं ।
परगुणगहणं किज्जइ
अमूलमंतं वसीकरणं ॥१८॥
सा( जो )इज्जइ परमप्पा
अप्पसमाणो गणिज्जइ परो ।
किज्जइ न रागदोसो
छिन्निज्जइ तेण संसारो ॥२४॥

# ઉપદેશોપનિષદ્ પ્રસાદી

- न हि विदितधर्मसारैः शीलखण्डनादि विचारयितुमपि शक्यते, आस्तां तत् कर्तुमित्यभिप्रायः । (वृत्त-३)

- **परस्योपकारो न विस्मर्यते**, तद्विस्मरणस्याशेषगुणमरण-हेतुत्वात् । (वृत्त-७)

- कृतघ्नो ह्यात्माऽनन्तमपि कालं यावदात्मानमुपकारायोग्यं विधत्ते, गोशालकादिवत् । (वृत्त-१०)

- **पात्रपरीक्षा क्रियते**, अपरीक्षितपक्षपातिनः प्रत्यपायपात्रत्वात्। (वृत्त-११)

- **दानं दीयते**, तदन्तरेण प्रियवचन-विनयादेर्दम्भमात्रे पर्यवसानात् (वृत्त-१८)

- **परमात्माऽवलोक्यते**, अनिशमपि स्वलक्ष्यत्वेन स्वदृष्टिपथि प्रतिष्ठाप्यत इति हृदयम् । (वृत्त-२४)



# વિષયાનુક્રમ


| શ્લોક નં. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | મંગલ-પ્રતિજ્ઞા | ૨ |
| ૨ | ધર્મનું રહસ્ય | ૩ |
| ૩ | ધર્મનો પરમાર્થ | ૬ |
| ૪ | ત્રણ ઉપાયથી દુર્જનના મુખે તાળા | ૮ |
| ૫ | કળિકાળમાં રક્ષાકવચ | ૧૦ |
| ૬ | સજ્જનનો સન્માર્ગ | ૧૨ |
| ૭ | વિદ્વાનને ઉપદેશ | ૧૪ |
| ૮ | આજીવનનો આચાર | ૧૬ |
| ૯ | ગૌરવપ્રાપ્તિનો ઉપાય | ૧૮ |
| ૧૦ | ન્યાયનિસ્યંદ | ૧૯ |
| ૧૧ | કસોટી પથ્થર વિચક્ષણનો | ૨૨ |
| ૧૨ | જગજ્જ્યેષ્ઠ બનવા | ૨૪ |
| ૧૩ | ધીરપુરુષોનું વ્રત | ૨૫ |
| ૧૪ | દુઃખને જલાંજલી આપવા | ૨૬ |
| ૧૫ | નિંદ્યતા દૂર કરવા | ૨૮ |
| ૧૬ | ત્રણ ઉપાયથી સંતાપ રહે દૂર | ૩૦ |
| ૧૭ | મહત્તા જાળવવાનો ઉપાય | ૩૩ |
| ૧૮ | વશીકરણવિધિ | ૩૫ |
| ૧૯ | સર્વપ્રયોજન સિદ્ધ કરવાનું સાધન | ૩૯ |
| ૨૦ | કુલીન થવાની રીત | ૪૦ |
| ૨૧ | પ્રેમસ્થિર કરવાનો ઉપાય | ૪૨ |
| ૨૨ | ઉપદેશત્રિક | ૪૪ |
| ૨૩ | કાર્યકરને શીખ | ૪૫ |
| ૨૪ | સંસારછેદન ઉપાય | ૪૭ |
| ૨૫-૨૬ | ઉપસંહાર | ૪૯ |
| ● | પુષ્પપૂજા | ૫૩ |

શ્રીભુવનભાનુસૂરિ

100

જન્મ શતાબ્દી વર્ષ

# યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં ☆ જન્મશતાબ્દી વર્ષે ભાવભીની શ્રદ્ધાંજલિ ☆



વૈરાગ્યવારિધિ

તિતિક્ષામૂર્તિ

અધ્યાત્મયોગી

અપ્રમત્તસાધક

નિર્યામણાનિપુણ

ન્યાયવિશારદ

સંઘહિતચિંતક

વર્ધમાન તપોનિધિ

સુવિશાળ ગચ્છાધિપતિ

ગુરુકૃપાપાત્ર

સુવિશુદ્ધસંયમી

પ્રવચનપ્રભાવક

અનેકાંતદેશનાદક્ષ

શ્રેષ્ઠશ્રમણશિલ્પી

શિબિર આદ્યપ્રણેતા

બાળદીક્ષાસંરક્ષક

અપ્રતિમ પ્રભુભક્ત

અદ્ભુત ગુણાનુરાગી

નિર્દોષચર્યાચારી

સર્વતોમુખી પ્રતિભાસ્વામી

૧૯૬૭ — ૨૦૬૭

अथ उपदेशोपनिषद्वृत्तिविभूषितः

# उपदेशरत्नकोषः

श्रीवर्द्धमानं जिनवर्द्धमानं,
सूरीन्द्रमेवं गुरुहेमचन्द्रम् ।
प्रणम्य नम्यं वितनोमि वृत्तिं,
सद्रत्नकोषे ह्युपदेशसत्के ॥

इह हि परमकारुणिकः कोषकारः परोपकारप्रथनायारभमाणः शास्त्रमादौ मङ्गलाद्यभिदधन्नाह-

---

આર્હન્ત્યની લક્ષ્મીથી વૃદ્ધિ પામતા એવા શ્રી વર્ધમાનજિનેશ્વર તથા વંદનીય ગુરુ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીને પ્રણામ કરીને ઉપદેશના પ્રશસ્ત રત્નકોષ પર હું વૃત્તિ રચું છું. ।।૧।।

અહીં પરમ કરુણાધારક એવા કોષકારશ્રી પરોપકારનો પ્રસાર કરવા માટે શાસ્ત્રનો પ્રારંભ કરે છે, તેમાં સૌ પ્રથમ મંગલ વગેરે કહે છે -

**उवएसरयणकोसं नासिअनीसेसलोग[1]दोगच्चं ।**
**उवएसरयणमालं वुच्छं[2] नमिऊण वीरजिणं ॥१॥**

**वीरजिनम्** - स्वयम्भूरमणसागरसलिलातिशायिकारुण्य-रसप्रसरपरिपूतप्रत्यात्मप्रदेशं चरमतीर्थपतिं त्रिशलानन्दनं सिद्धार्थनृपकुलकेतुं श्रमणभगवन्महावीरजिनेश्वरम्, **नत्वा** - सिषाधयिषितसिद्धिसाधकतमनमनगोचरीकृत्य, **नाशितम्** - अपुनरुत्थानं यथा स्यात्तथा क्षयं नीतम्, **निःशेषलोकदौर्गत्यम्**

---

**શ્રી વીરજિનને નમસ્કાર કરીને સર્વલોકના દુર્ગતિ-પણાનો નાશ કરનાર ઉપદેશરત્નોની માળાના ધારક એવા ઉપદેશરત્નકોષનું નિરૂપણ કરીશ. ॥૧॥**

**વીરજિનને** - સ્વયંભૂરમણ સમુદ્રના પાણી કરતાં પણ વધારે એવી કરુણાના રસના પ્રસારથી જેમનો પ્રત્યેક આત્મપ્રદેશ પાવન છે, એવા ચરમતીર્થપતિ ત્રિશલાનંદન સિદ્ધાર્થરાજાના કુળમાં પતાકાસમાન શ્રમણ ભગવાન શ્રી મહાવીરજિનેશ્વરને, **નમસ્કાર કરીને** - જેને સાધવું છે એવા કાર્યની સિદ્ધિમાં સાધકતમ નમસ્કારનો વિષય કરીને, ફરી ઉત્થાન ન પામે એ રીતે ક્ષય પમાડ્યું છે

---

(१) १. ख-गच्चं । २. ख-०च्छं मि० ।

- विश्वविश्वदुर्गतिभावम्, येन तम् **नाशितनिःशेषलोक-दौर्गत्यम्**, उपदेशा एव रत्नानि उपदेशरत्नानि, दौर्गत्यदलन-साधर्म्यात्, यथा हि रत्नानि दारिद्र्यलक्षणं दौर्गत्यं विनाशयन्ति, तथोपदेशास्तल्लक्षणं नरकादिरूपं च विनाशयन्ति दौर्गत्यमिति। तेषां मालाः श्रेणयो यस्मिन् स **उपदेशरत्न-मालः**, तम्, एवम्भूतं **उपदेशरत्नकोषं वक्ष्ये** - प्रवचन-वचोऽनुसृत्या कथयिष्यामि । प्रतिज्ञातमेव प्रतिपालयति-

**जीवदयाइं[१] रमिज्जइ**
**इंदियवग्गो दमिज्जइ सया वि ।**

---

સર્વ લોકનું દુર્ગતિપણું જેણે તેવો, ઉપદેશ એ જ રત્નો = **ઉપદેશરત્નો**. અહીં રત્નની ઉપમા એટલા માટે આપી છે કે દુર્ગતિપણું દૂર કરવામાં સમાનતા છે. જેમ રત્નો દરિદ્રતારૂપ દુર્ગતિપણાને દૂર કરે છે, તેમ ઉપદેશો દરિદ્રતારૂપ અને નરક વગેરે ગતિરૂપ દુર્ગતિપણાને દૂર કરે છે. ઉપદેશરત્નોની **માળાઓ** = શ્રેણીઓ જેમાં છે, તે ઉપદેશરત્નમાલ, એવા **ઉપદેશરત્નકોષને કહીશ** - પ્રવચનના વચનને અનુસારે જણાવીશ. હવે ગ્રંથકારશ્રી પોતે જેની પ્રતિજ્ઞા કરી છે, તેનું જ પ્રતિપાલન કરે છે-

**હંમેશા જીવદયામાં રમણ કરાય, ઈન્દ્રિયગણનું દમન**

---

(२) १. क-याए ।

**सच्चं चेव लविज्जइ**

**धम्मस्स रहस्समिणमेव[२] ॥२॥**

**जीवदयायां रम्यते** - विधुरेष्वपि तदवियुक्तचित्तत्वात्, **सदाऽपि**-अनिशमेव, एतच्च सर्वत्राभिसम्बध्यते, कादाचित्करणादेः समीष्टासम्पादकत्वात् । कर्तव्यान्तरमाह - **इन्द्रियवर्गो दम्यते,** प्रत्याहारसामग्र्यविरहस्य निरयनिबन्धनत्वात्, आह च - इंदियधुत्ताणमहो तिलतुसमित्तंपि देसु मा पसरं । जइ

---

**કરાય, સત્ય જ બોલાય,આ જ ધર્મનું રહસ્ય છે. ॥૨॥**

**જીવદયામાં રમણ કરાય છે**, કારણ કે વિકટ પરિસ્થિતિમાં પણ મનમાંથી જીવદયાનો પરિણામ જતો નથી. (જીવદયામાં રમણ શી રીતે થઈ શકે, તેના કારણરૂપે જણાવ્યું છે.) **સદા ય** = હંમેશા, આ શબ્દને બધા સાથે જોડવાનો છે, કારણ કે અમુક સમય માટે જ જીવદયામાં રમણ વગેરે કરાય, તેનાથી મનોવાંછિત મળી શકતું નથી. બીજું કર્તવ્ય કહે છે - **ઈન્દ્રિયવર્ગનું દમન કરાય છે,** કારણ કે જો ઈન્દ્રિયોને સંપૂર્ણપણે વિષયોથી પાછી ન ખેંચી લેવાય, તો તે નરકનું કારણ બને છે. કહ્યું પણ છે - ઈન્દ્રિયો ધૂર્ત છે. તેમને તલના ફોતરા જેટલો

---

२. क-णमो ।

दिन्नो तो नीओ जत्थ खणो वरसकोडीसमो - इति (इन्द्रियपराजयशतके ३) । तथा **सत्यमेव लप्यते**, ज्ञानादि-मूलत्वात्सत्यस्य, तदेकलपनस्य वसुन्धरापुनानत्वाच्च, तदुदितम् - ज्ञानचारित्रयोर्मूलं सत्यमेव वदन्ति ये । धात्री पवित्रीक्रियते तेषां चरणरेणुभिः - इति (योगशास्त्रे ११९) । विधित्रयेऽपि समुदितं हेतुमाह - यतः **धर्मस्येदमेव** - जीवदयारमणादि **रहस्यम्** - परमोपनिषत्, धर्मस्याज्ञाप्रतिबद्धत्वात्तस्याश्च दयादिसारत्वात् । किञ्च -

---

ય પ્રસાર ન દઈશ, જો પ્રસાર દઈશ, તો તને ત્યાં લઈ જવાશે, કે જ્યાં એક ક્ષણ કરોડ વર્ષ સમાન છે. (ઈન્દ્રિયપરાજય શતક ૩) અને **સત્ય જ બોલાય છે.** કારણ કે સત્ય એ જ્ઞાનાદિનું મૂળ છે. અને જે સત્ય જ બોલે છે, તે પૃથ્વીને પાવન કરે છે, તેવું કહ્યું પણ છે - જેઓ જ્ઞાન અને ચારિત્રનું મૂળ એવું સત્ય જ બોલે છે, તેમની ચરણરજોથી ધરતી પાવન કરાય છે. (યોગશાસ્ત્ર ૧૧૯). હમણા કહેલા ત્રણે વિધાનોમાં સામૂહિક કારણ કહે છે - કારણ કે **આ** = જીવદયા વગેરે જ **ધર્મનું રહસ્ય** = પરમ ઉપનિષદ્ છે. કારણ કે ધર્મ એ આજ્ઞાને પ્રતિબદ્ધ છે અને આજ્ઞા એ દયા વગેરેના સારવાળી છે. વળી -

**सीलं न हु खंडिज्जइ**
**न संवसिज्जइ समं कुसीलेहिं ।**
**गुरुवयणं न खलिज्जइ**
**जइ [१]नज्जइ धम्मपरमत्थो ॥३॥**

**शीलं नैव खण्ड्यते**, ज्वलज्ज्वालाजालजटिलजाज्वल्यमानज्वलनझम्पापाताधिकभयङ्करत्वाच्छीलखण्डनस्य, तथा चोक्तम् - वरमग्गिम्मि पवेसो वरं विसुद्धेण कम्मुणा मरणं। मा गहिअवयभंगो मा जीअं खलिअसीलस्स - इति (संबोधसप्ततिकायाम्-२०) । शीलानुशीलनमपि तत्प्रत्यूहपरिहारेणैव

**શીલનું ખંડન ન જ કરાય, કુશીલોની સાથે સંવાસ ન કરાય, ગુરુવચનની સ્ખલના ન કરાય, જો ધર્મનો પરમાર્થ જણાતો હોય. ॥૩॥**

**શીલનું ખંડન ન જ કરાય**, કારણ કે શીલનું ખંડન એ તો બળતી જવાળાઓના સમૂહથી જટિલ જાજવલ્યમાન અગ્નિમાં કૂદકો મારવા કરતાં પણ વધુ ભયંકર છે. તે મુજબ કહ્યું પણ છે - અગ્નિમાં પ્રવેશ કરવો સારો, વિશુદ્ધ અનુષ્ઠાનથી મરણ પામવું સારું, પણ લીધેલા વ્રતોનો ભંગ સારો નથી. અને જેનું શીલ સ્ખલિત છે, તેનું જીવન સારું નથી. (સંબોધસિત્તરિ-૨૦) શીલનું આચરણ પણ તે જ

१. क-जाणिज्जइ ।

शक्यसम्भवमित्याह-**कुशीलैः समं न संवस्यते**, सागराति-गतसलिलन्यायेन तत्संवासमात्रस्यापि विकारावहत्वात्, तथा चार्षम्- खणमवि ण खमं काउं अणाययणसेवणं सुविहियाणं। हंदि समुद्दमइगयं उदयं लवणत्तणमुवेइ - इति (आवश्यक-निर्युक्तौ-११२१) । यत एतदन्यदपि दुष्करं सुकरतामुपयाति तदाह-**गुरुवचनं न स्खल्यते**, तत्स्खलनकृतां घोरतपस्विनामप्यनन्तसंसारित्वात्, यदाहुः - छट्ठट्ठमदसम-

---

કરી શકે છે, કે જે એના વિઘ્નોનો પરિહાર કરી શકે, માટે કહે છે - **કુશીલોની સાથે સંવાસ ન કરાય**, કારણ કે દરિયામાં જેમ મીઠું પાણી મળે, તો તે ય ખારું થઈ જાય, તેમ કુશીલોની સાથે રહેવાથી પણ વિકૃતિ આવે છે. તેવું ઋષિવચન પણ છે - સુવિહિત મુનિવરો છે, તેમના માટે એક ક્ષણ પણ અનાયતનનું સેવન કરવું ઉચિત નથી. રે... દરિયામાં મળેલું જળ ખારું થઈ જાય છે. (આવશ્યકનિર્યુક્તિ-૧૧૨૧) જેનાથી આ (કુશીલપરિહાર) અને અન્ય પણ દુષ્કર વસ્તુઓ સુકર થઈ જાય છે, તે કહે છે - **ગુરુવચન સ્ખલિત ન કરાય**, કારણ કે જેઓ ગુરુવચનની અવજ્ઞા કરે છે, તેઓ ઘોર તપસ્વી હોય તો ય અનંત સંસારી છે. કહ્યું પણ છે-જે છઠ્ઠ, અઠ્ઠમ, ચાર

दुवालसेहिं मासद्धमासखवणेहिं । अकरिंतो गुरुवयणं अणंतसंसारिओ होइ-इति (पञ्चाशके-२४०) **यदि धर्मपरमार्थोज्ञायते** । न हि विदितधर्मसारैः शीलखण्डनादि विचारयितुमपि शक्यते, आस्तां तत् कर्तुमित्यभिप्रायः । किञ्च-

**[1]चवलं न चंकमिज्जइ**
**विरइज्जइ नेव उब्भडो वेसो ।**
**[2]वंकं [3]न पलोइज्जइ**
**रुट्ठा वि भणंति किं पिसुणा ॥४॥**

ઉપવાસ, પાંચ ઉપવાસ, પંદર ઉપવાસ અને માસક્ષમણે પારણા કરતા હોય, પણ ગુરુનું વચન ન માનતા હોય, તે અનંતસંસારી થાય છે. (પંચાશક-૨૪૦). **જો ધર્મનો પરમાર્થ જણાતો હોય**, આશય એ છે કે જેમણે ધર્મનો સાર જાણ્યો હોય, તેઓ શીલના ખંડન વગેરેનો વિચાર પણ ન કરી શકે, તેવું કરવાની તો વાત જ ક્યાં રહી ? અન્ય પણ ઉપદેશ કહે છે -

**ચપળ ગમન ન કરાય, ઉદ્ભટ વેષ ન જ ધરાય, વાંકુ ન જોવાય, તો દ્વેષવાળા એવા પણ દુર્જનો શું બોલે ? ॥૪॥**

१. क-वंकं न पलोइज्जइ वियरिज्जइ । २. क-चवलं न चंकमिज्जइ । ३. ख-न लोइ० ।

**चपलं न चङ्क्रम्यते**, अत्वरापूर्वकं सर्वं गमनं कृत्यमेव वा (योगदृष्टिसमुच्चये-५१) - इतिलक्षणलक्षितबलादृष्टिविगमापत्तेः । **उद्भटो वेषो नैव विरच्यते**, वेषं वित्तानुसारतः (योगशास्त्रे १५१) - इतिवचोविलङ्घनवितरितविघ्नप्रसक्तेः । तथा **वक्रम्** - वामं यथा स्यात्तथा, द्वेषगर्भितमिति हृदयम्, **न प्रलोक्यते**, ऋजु पश्यति यः सर्वं चक्षुषाऽनुपिबन्निव । आसीनमपि तूष्णीकमनुरज्यति तं प्रजा- इति (महाभारते) वचनात् । तदेतत्त्रितयानुपालयितू **रुष्टा**

---

**ચપળ ગમન ન કરાય**, કારણ કે જો ઉતાવળું ચાલે તો - ત્વરા વિના જ સર્વ ગમન કે કાર્ય કરે - (યોગદષ્ટિસમુચ્ચય-૫૧) એવી લક્ષણથી લક્ષિત એવી ત્રીજી યોગદષ્ટિ-બલા જતી રહે, એવી આપત્તિ આવે.

ઉદ્ભટ વેષ ન જ રચાય, કારણ કે તેમ કરવાથી- વૈભવને અનુરૂપ વેષ કરવો (યોગશાસ્ત્ર ૧૫૧) એ વચનના ઉલ્લંઘનથી થયેલું વિઘ્ન આવી પડે. આશય એ છે કે આપણા હિત માટે શાસ્ત્રકારોએ જે વિધાન કર્યું છે, તેની અવજ્ઞા કરવાથી અહિત જ થવાનું છે.

તથા **વાંકું** - દ્વેષગર્ભિત **ન જોવું**, કારણ કે કહ્યું છે કે જે જાણે ચક્ષુથી પાન કરતો હોય, તેમ સર્વને ઋજુતાપૂર્વક જુએ છે, તે ચૂપચાપ બેઠો હોય, તો ય પ્રજા

**अपि** निर्निमित्तं निमित्तान्तरतो वा प्रद्वेषमापन्ना अपि, **पिशुनाः** - प्रकृत्यैव खलप्रकृतिकाः, **किं भणन्ति** ?, तथाविधालम्बनमन्तरेण ब्रुवतां प्रकृतिप्राकट्यप्रसक्तेर्नैव किञ्चिद् भणन्तीत्याशयः । किञ्च-

**नियमिज्जइ नियजीहा**
**अविआरिअं नेव[1] किज्जए[2] कज्जं ॥**
**न कुलक्कमो अ लुप्पइ**
**कुविओ[3] किं कुणइ कलिकालो ॥५॥**

---

તેને ચાહે છે. (મહાભારત) જે ત્રણનું અનુપાલન કરે છે, તેના પર **ગુસ્સે થયેલા પણ**, કારણ વિના કે બીજા કોઈ કારણથી પણ અત્યંત દ્વેષ ધરાવતા એવા પણ **દુર્જનો**- પ્રકૃતિથી જ ખરાબ સ્વભાવવાળા લોકો **શું કહે ?** તથાવિધ આલંબન વિના જો દુર્જનો નિંદા વગેરે કરવા જાય, તો તેમની તેવી દુષ્ટ પ્રકૃતિ જાહેર થઈ જાય, માટે પોતે ઉઘાડા ન થઈ જાય એવા ભયથી તેઓ કશું બોલતા નથી એવો અહીં આશય છે. વળી -

**પોતાની જીભને કાબુમાં રખાય, વિચાર્યા વિના કાર્ય ન જ કરાય, કુલક્રમનો લોપ ન કરાય, તો કુપિત થયેલો ય કળિકાળ શું કરે ? ॥૫॥**

---

१. क-न कि० । २. ख-किरए । ३. ख-०विइ ।

**निजजिह्वा नियम्यते**, रसलाम्पट्यवचोविसंस्थुलता-लक्षणतदनियमनस्य महाऽनर्थनिबन्धनत्वात् । तथा**ऽविचारितं कार्यं नैव क्रियते**, यदुक्तम् - सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम् । वृणुते हि विमृश्यकारिणं, गुणलुब्धाः स्वयमेव सम्पदः-इति (किरातार्जुनीये २-३०) । **कुलक्रमश्च न लुप्यते**, तल्लोपे कुलीनत्वव्याहतेर्निराधारगुणानां स्थित्यसम्भवात् । कृते च रसनानियमनादौ **कलिकालः कुपितोऽपि**, स्ववामतामनुवर्तन्नपीति हृदयम्, **किं करोति ?**,

---

**પોતાની જીભ કાબુમાં રખાય**, કારણ કે રસલંપટતા, વચનની વિચિત્રતા વગેરે રૂપ જીભની બેકાબુતા મોટા અનર્થની કારણ છે. તથા **વિચાર્યા વિના કાર્ય ન જ કરાય**, કારણ કે કહ્યું છે - સહસા કોઈ કાર્ય ન કરવું. કારણ કે અવિવેક એ પરમ આપત્તિઓનું સ્થાન છે. જે વિચારીને કાર્ય કરે છે, તેને ગુણમાં લુબ્ધ સંપત્તિઓ પોતાની મેળે જ વરે છે. (કિરાતાર્જુનીય ૨-૩૦) **તથા કુલપરંપરાનો ભંગ ન કરાય**, કારણ કે જો તેનો ભંગ કરે તો કુલીનપણું ન રહે. કુલીનપણું તો ગુણોનો આધાર છે, માટે તેના વિના નિરાધાર ગુણો ન ટકી શકે. જો આ રીતે જીભનું નિયમન વગેરે કરાય તો **કળિકાળ કુપિત થયો હોય** = પોતાની વક્રતાનું અનુસરણ કરતો હોય, **તો પણ શું કરે ?** જે ઉપરોક્ત વિધાનનું પાલન કરે છે, તે મહાપુરુષને

न ह्युक्तविधानविधायकस्य महात्मनः प्रभवति करालोऽपि कलिकालः, तदगोचरत्वात्तस्येति भावः । तथा-

**मम्मं न उलविज्जइ कस्सवि**

**आलं न दिज्जइ कया वि ।**

**कोवि न[१] उक्कोसिज्जइ**

**सज्जणमग्गो इमो दुग्गो ॥६॥**

कस्यापि मर्म नोल्लप्यते, तदुल्लापे धार्मिकत्वक्षतेः, यदाह- स धार्मिको यः परमर्म न स्पृशेत् - इति । **आलंपि कदापि न दीयते**, सत्यासत्ययोरुभयोरपि दोषानपायात्, तदाह

---

વિકરાળ પણ કળિકાળ કાંઈ કરી શકતો નથી, કારણ કે એ મહાપુરુષ કળિકાળના અવિષય છે, એવો અહીં આશય છે. તથા -

**કોઈના મર્મ ન કહેવાય, કોઈને કદી આળ પણ ન દેવાય. કોઈના પર આક્રોશ ન કરાય, આ સજ્જનોનો માર્ગ દુર્ગમ છે. ॥૬॥**

**કોઈના પણ મર્મ ન કહેવાય,** કારણ કે મર્મ કહેવાથી ધાર્મિકપણું નષ્ટ થાય છે. કહ્યું પણ છે - ધાર્મિક તે છે, કે જે બીજાના મર્મનો સ્પર્શ ન કરે. **કોઈને કદી આળ પણ ન દેવાય.** કારણ કે કોઈની સાચી નિંદા કરાય કે

---

१. क-न य कोо ।

- न पापं पापिनां ब्रूयान्नापि पापमपापिनाम् । सत्येन तुल्यदोषी स्या-दसत्येन द्विदोषभाक् - इति (महाभारते), तथा **कोऽपि नोत्क्रोश्यते**, वाक्क्षतस्य दुःसंरोहत्वात्, उक्तं च-रोहति सायकैर्विद्धं वनं परशुना हतम् । वाचा दुरुक्तं बीभत्सं, न संरोहति वाक्क्षतम् - इति (महाभारते) । **तदेष** मर्मानुल्लापादिकः **सज्जनमार्गः** - सत्त्वसमलङ्कृत-पुरुषपरिक्षुण्णोऽध्वा, **दुर्गः** - खलैर्दुःखेनानुगन्तुं शक्यः,

---

ખોટી નિંદા કરાય, બન્ને રીતે દોષ તો રહે જ છે. તે કહ્યું છે - પાપીનું પાપ ન કહેવું, અપાપી હોય-તેનું પણ પાપ ન કહેવું, જો સાચું કહે, તો તે પાપીના તુલ્ય દોષવાળો થાય અને જો ખોટું કહે તો બમણા દોષવાળો થાય. (મહાભારત) અને **કોઈના પર આક્રોશ ન કરાય**, કારણ કે વાણીથી જે ઘા થાય, એ મુશ્કેલીથી રુઝાય છે. કહ્યું પણ છે - જંગલને બાણોથી અને કુહાડાથી નષ્ટ કરી દીધું હોય, એ પણ ફરી ઉગે છે, પણ વાણીથી ખરાબ-અપ્રિય કહ્યું હોય, તેનાથી થયેલો ઘા રુઝાતો નથી. (મહાભારત) તે **આ** મર્મ ન કહેવા વગેરે રૂપ જે **સજ્જનોનો માર્ગ** છે, તે **દુર્ગમ છે** = દુર્જનો એ માર્ગે મુશ્કેલીથી ચાલી શકે છે. કારણ કે બીજાના મર્મ બોલવા

मर्मोच्चारणादेरेव तत्स्वभावत्वात्, स्वभावस्य च दुस्त्यजत्वात्। किञ्च -

**सव्वस्स उवयरिज्जइ**

**न [1]पम्हुसिज्जइ परस्स उवयारो[2] ।**

**विहलं[3] अ[4](न)वलंबिज्जइ**

**उवएसो एस विउसाणं ॥७॥**

**सर्वस्योपचर्यते,** लोकमध्यमध्यासयितुस्तदतिलङ्घन-स्याहितानुबन्धित्वात्, अत एवाभिहितम् - यद्यपि सकलां योगी, छिद्रां पश्येत मेदिनीम्। तथापि लौकिकाचारं मनसाऽपि

---

વગેરે જ દુર્જનોનો સ્વભાવ છે અને સ્વભાવ છૂટવો મુશ્કેલ છે. વળી -

**બધાનો ઉચિત વિનય કરાય, બીજાનો ઉપકાર ન ભૂલાય, નિષ્ફળનું આલંબન (ન) લેવાય, એવો વિદ્વાનોનો ઉપદેશ છે. ॥૭॥**

**બધાનો ઉચિત વિનય કરાય,** કારણ કે જે લોકોની વચ્ચે રહે છે, તે તેમનું ઉલ્લંઘન કરે એ તેને પરંપરાએ અહિત કરનારું છે. માટે જ કહ્યું છે કે જો યોગી સર્વ પૃથ્વીને છિદ્રાળુ (દોષયુક્ત) જુએ, તો પણ મનથી પણ

---

१. क-पुम्ह० । ख-पम्ह० । २. क-०यारं । ३. क-०हिलं । ४. क.ख-अवि० ।

न लङ्घयेत् - इति (　　　　　　　　)। किञ्च **परस्योपकारो न विस्मर्यते**, तद्विस्मरणस्याशेषगुणमरण-हेतुत्वात्, तथा **विफलं नावलम्ब्यते**, तदेव कृत्यं क्रियते यत्रास्त्यात्मकल्याणकरणलक्षणसाफल्यसम्पादकं सामर्थ्य-मित्याकूतम्, इतरस्यार्त्तध्यानादिविपन्निबन्धनत्वात्, आत्म-हितानुबन्ध्येव कार्यं करणीयम्, तदपि शक्यसाफल्यमेव बलाद्यालोचनपुरस्सरं कर्तव्यमिति गर्भार्थः, तथा च पारमर्षम् - बलं थामं च पेहाए, सद्धामारुग्गमप्पणो। खित्तं कालं च

---

લૌકિક આચારનો ત્યાગ ન કરે. (　　) વળી **બીજાનો ઉપકાર ન ભૂલાય**, કારણ કે બીજાએ પોતાના પર કરેલા ઉપકારનું વિસ્મરણ એ સર્વ ગુણોના મરણનું કારણ છે. તથા **નિષ્ફળનું આલંબન ન કરાય**, તે જ કાર્ય કરાય કે જેમાં આત્માનું કલ્યાણ કરવા રૂપ સફળતા આપવાનું સામર્થ્ય હોય.

આ સિવાયનું જે કાર્ય છે તે આર્ત્તધ્યાન વગેરે આપત્તિઓનું કારણ છે. આશય એ છે કે જે કાર્ય પરંપરાએ આત્માનું હિત કરે, તે જ કાર્ય કરવું જોઈએ, તેમાં પણ બળ વગેરેના વિચારપૂર્વક જેમાં સફળ થવાની શક્યતા હોય તે જ કાર્ય કરવું જોઈએ. તેવું પરમર્ષિનું વચન પણ છે- પોતાનું બળ, શક્તિ, શ્રદ્ધા, આરોગ્યને

विन्नाय तहप्पाणं निजुंजए - इति (दशवैकालिके-३६९) । **एष** - अनन्तरोदितः, **विदुषामुपदेशः** - विदितवेद्यवास्तवस्वरूपाणामनुशासनम्, एतेनास्यानाप्तप्रभवत्वेनागमाभासारेकाऽपाकृता । किञ्च -

**[१]को वि न अब्भत्थिज्जइ**
**किज्जइ [२]कस्स वि न पत्थणाभङ्गो ।**
**दीणं न य जंपिज्जइ**
**जीविज्जइ जाव जीअलोए ॥८॥**

---

જોઈને તથા ક્ષેત્ર અને કાળનો પણ વિચાર કરીને તે રીતે પોતાના આત્માને આરાધનામાં જોડવો જોઈએ. (દશવૈકાલિક-૩૬૯) **આ**=હમણા કહ્યો તે **વિદ્વાનોનો ઉપદેશ છે** = જેમણે જ્ઞેય વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું છે, તેમનું આ અનુશાસન છે. આવું કહેવા દ્વારા એમ સૂચિત કર્યું છે કે આ ઉપદેશ આપ્ત પુરુષથી ઉદ્ભવ્યો છે. તેથી આ આગમાભાસ હોઈ શકે એવી શંકાનું નિરાકરણ કરાયું છે. વળી -

**જ્યાં સુધી જીવલોકમાં જીવાય, ત્યાં સુધી કોઈની પાસે પ્રાર્થના ન કરાય, કોઈની પ્રાર્થનાનો ભંગ ન કરાય, દીન વચન ન બોલાય. ॥૮॥**

---

१. क-को वि न य पच्छिज्जई कस्स वि न किज्जए प० । २. ख-कस्स वि किज्जइ न पणाभंगो ।

**यावदपि जीवलोके जीव्यते** तावत् **कोऽपि नाभ्यर्थ्यते**, अत्यन्तलाघवप्रसङ्गात्, तदुक्तम् - तूलं तृणादपि लघु, तूलादपि च याचकः । वायुना किं न नीतोऽसौ ?, मामसौ याचयिष्यति - इति ।

**कस्यापि प्रार्थनाभङ्गो न क्रियते**, मा उदरे वि धरिज्जसु, परपत्थणाभंगो कओ जेण - इत्युक्तेः । तथा **दीनं** वचनं **न जप्यते**, मृत्योरपि वरो सङ्गो, न तु दीनानु-

---

**જ્યાં સુધી દુનિયામાં જીવાય, ત્યાં સુધી કોઈ પાસે યાચના ન કરાય**, કારણ કે એનાથી અત્યંત લઘુતા થાય છે. તે કહ્યું પણ છે-રૂનું પૂળું તૃણથી ય હલકું છે અને યાચક એ પૂળા કરતાં ય હલકો છે, જો એમ પૂછો કે તો પછી વાયુ એને ઉડાવીને કેમ લઈ જતો નથી ? તો એનું સમાધાન એ છે કે વાયુને ભય લાગે છે કે એ મારી પાસે યાચના કરશે.

**કોઈની પણ પ્રાર્થનાનો ભંગ ન કરાય**, કારણ કે એવું કહ્યું છે કે - જેણે બીજાની પ્રાર્થનાનો ભંગ કર્યો છે, એને કુક્ષિમાં ય ધારણ ન કરતી. (અહીં શ્લોકનો પૂર્વાર્ધ આ પ્રમાણે છે - હે માતા ! તું એવા પુત્રને જન્મ નહીં આપતી કે જે બીજાની પાસે પ્રાર્થના કર્યા કરે.) તથા **દીન વચન ન બોલાય**, કારણ કે મૃત્યુનો સંગ પણ હજી

भाषणमिति । किञ्च -

**अप्पा न पसंसिज्जइ**

**निंदिज्जइ दुज्जणो[1] वि न कयावि ।**

**बहु बहुसो न हसिज्जइ**

**लब्भइ [2]गुरुअत्तणं तेण ॥९॥**

**नात्मा प्रशंस्यते**, शक्रोऽपि लघुतां याति, स्वयं प्रख्यापितैर्गुणैरिति वचनात् । **दुर्जनोऽपि न कदापि निन्द्यते**, निन्दाविषयस्यात्मन्यनुषङ्गप्रसक्तेः, अत एवाभिहितम् - निन्द्यो न कोऽपि लोके, पापिष्ठेष्वपि भवस्थितिश्चिन्त्या - इति

---

સારો છે, પણ દીન વચન બોલવા એ સારું નથી. વળી

**પોતાની પ્રશંસા ન કરાય, દુર્જનની પણ કદી નિંદા ન કરાય. બહુ અને બહુવાર ન હસાય, તેનાથી ગૌરવ મળે છે. ॥૯॥**

**પોતાની પ્રશંસા ન કરાય**, કારણ કે એવું શાસ્ત્રવચન છે કે જો શક્ર પણ પોતાના ગુણ પોતે કહે, તો એ લઘુતા પામે છે. **દુર્જનની પણ કદી ય નિંદા ન કરાય**, કારણ કે તેનાથી પોતે જે દોષની નિંદા કરે છે, તે દોષ પોતાને લાગી શકે છે. માટે જ કહ્યું છે - લોકમાં કોઈની પણ નિંદા ન કરવી. જેઓ અત્યંત પાપી છે, તેમનામાં ય

---

१. क-०णो न कयाइवि । २. क-गुरूयत्तणं जेणं । ख-गुरूअत्तणं जेणं।

(अध्यात्मसारे २०-३८) । तथा **बहु** - अनल्पम्, **बहुशः** - प्रभूतवारं च **न हस्यते**, स्मिताधिकस्य हसनस्य सत्सु प्रायोऽभावात् । **तेन** - अनन्तरोक्तलाघवप्रयोजकप्रवृत्तिपरिहारेण, **गुरुत्वम्** - स्वगुणक्रीतं महत्त्वं **लभ्यते** - नियोगतः प्राप्यते, गुणावबोधप्रभवं हि गौरवम् - इति वचनात् (सिद्धसेनीद्वात्रिंशिकायाम् ६-२८) । किञ्च -

**रिउणो[1] न वीससिज्जइ**
**[2]कया वि वंचिज्जइ न वीसत्थो ।**

---

ભવસ્થિતિનો વિચાર કરવો. (અધ્યાત્મસાર ૨૦-૩૮)

તથા **બહુ** = ઘણું, **બહુશઃ** = ઘણી વાર, **ન હસાય**, કારણ કે પ્રાયઃ કરીને સજ્જનો (યોગ્ય અવસરે) સ્મિત કરતાં વધારે હાસ્ય કરતાં નથી. **તેનાથી** = હમણા કહેલી લાઘવ કરનારી પ્રવૃત્તિના પરિહારથી **ગૌરવ** = પોતાના ગુણોથી જાણે ખરીદી લીધું હોય, તેવું મહત્ત્વ **મળે છે** = અવશ્ય પ્રાપ્ત થાય છે. કારણ કે એવું વચન છે કે ગુણોના જ્ઞાનથી ગૌરવનો ભાવ ઉત્પન્ન થાય છે. (સિદ્ધસેની બત્રીસી ૬-૨૮) વળી -

**શત્રુ પર વિશ્વાસ ન મુકાય. જે વિશ્વસ્ત હોય, તેને**

---

१. ख-०णो वि । २. ख-कया वं० ।

**न कयग्घेहिं हविज्जइ[1]**

**एसो नायस्स नीसंदो ॥१०॥**

**रिपोर्न विश्वस्यते**, तद्विश्वासस्यात्मघातपर्यायत्वात्, अविश्वासः श्रियो मूलमित्युक्तेश्च । **कदापि विश्वस्तो न वञ्च्यते**, वञ्चनं हीतरस्यापि तावत्पापस्थानकमेव, विशिष्टतरं तु विश्वस्तस्य, अत्यन्तसङ्क्लिष्टभावमन्तरेण तदनुपपत्तेः । तथा **न कृतघ्नैर्भूयते**, कृतघ्नो ह्यात्माऽनन्तमपि कालं

---

**કદી છેતરાય નહીં. કૃતઘ્ન ન બનાય. આ ન્યાયનો નિસ્યંદ છે. ॥૧૫॥**

**દુશ્મન પર વિશ્વાસ ન મુકાય**, કારણ કે તેના પર મુકેલો વિશ્વાસ એ આત્મઘાતનો જ પર્યાય છે. વળી એવું વચન પણ છે કે - અવિશ્વાસ એ લક્ષ્મીનું મૂળ છે. **ક્યારે પણ વિશ્વાસ પામેલી** (જે વ્યક્તિ તમારા પર વિશ્વાસ મૂકીને નિશ્ચિત થઈ છે તેવી) **વ્યક્તિને છેતરાય નહીં**, કારણ કે બીજાને પણ છેતરવું, એ પાપસ્થાનક જ છે. તેમાં ય વિશ્વાસ પામેલી વ્યક્તિને છેતરવી એ તો ઘણું વિશિષ્ટ પાપસ્થાનક છે. કારણ કે અત્યંત સંક્લિષ્ટ ભાવ વિના તેવી વ્યક્તિની છેતરપિંડી કરવી શક્ય નથી. તથા **કૃતઘ્ન ન થવાય**, કારણ કે કૃતઘ્ન આત્મા અનંત

---

१. क-किज्जइ अईईसा एस सत्थस्स ।

यावदात्मानमुपकारायोग्यं विधत्ते, गोशालकादिवत्, अत एवाभिदधन्त्यभियुक्ताः - एकोपकारेण दुष्कृतशतानि नाशयन्ति ते धन्याः । न त्वेकदोषजनितो यस्य कोपः स कृतघ्नः - इति (उद्धृतमुत्तराध्ययनबृहद्वृतौ) । अन्यत्रापि - उवयरियं पुण एक्कंपि सज्जणाणं न पम्हुसइ - इति (पुष्पमालावृत्तौ पृष्ठ-१९०) स **एष न्यायस्य निःस्यन्दः**, अयमेव नीतिसारो यदमित्राविश्वासादीत्यर्थः । किञ्च -

---

કાળ સુધી પણ પોતાને ઉપકાર માટે અયોગ્ય કરી દે છે, અર્થાત્ તેના પર કોઈ ઉપકાર કરે, એવી પાત્રતા તેનામાં રહેતી નથી. ગોશાળા વગેરેની જેમ. માટે જ શાસ્ત્રકારો કહે છે કે - જેઓ એક ઉપકારથી સેંકડો અપકારોને ભૂલી જાય છે, તેઓ ધન્ય છે. પણ જેને એક દોષને કારણે ક્રોધ થયો છે, તેવો કૃતઘ્ન સારો નથી. (આ શ્લોક ઉત્તરાધ્યયન બૃહદ્વૃત્તિમાં ઉદ્ધૃત કર્યો છે.) અન્યત્ર પણ કહ્યું છે - સજ્જનો પોતાના પર થયેલા એક પણ ઉપકારને ભૂલતા નથી. (પુષ્પમાલાવૃત્તિ પૃષ્ઠ-૧૯૦)

તે **આ ન્યાયનું ઝરણું છે.** અર્થાત્ શત્રુ પર અવિશ્વાસ વગેરે જ નીતિનો સાર છે. વળી -

**रज्जिज्जइ [1]सुगुणेसु [2]बज्झइ राओ न नेहवज्जेसु ।**
**कीरइ पत्तपरिखा दक्खाण इमो अ कसवट्टो॥११॥**

शोभनाः परार्थादयो गुणा येषां ते **सुगुणाः**, तेषु **रज्यते**, गुणानुरागस्य गुणावाप्तिविधावमोघबीजकल्पत्वात् **स्नेहवर्जेषु** - आत्मन्यननुरक्तेषु, **रागो न बध्यते**, एकपाक्षिकस्नेहस्य दुःखनिबन्धनत्वात् । तथा **पात्रपरीक्षा क्रियते**, अपरीक्षित-पक्षपातिनः प्रत्यपायपात्रत्वात् । **एष च** सुगुणानुरागप्रभृतिः, **दक्षाणाम्** - सद्गुरुसमुपासनसामर्थ्यात्सद्विधिविचक्षणानाम्,

---

**સદ્ગુણીઓમાં અનુરાગ કરાય. નિઃસ્નેહીઓમાં રાગ ન કરાય, પાત્રપરીક્ષા કરાય, આ વિચક્ષણોનો કષપટ્ટ છે. ॥૧૧॥**

જેમના સુંદર પરાર્થ વગેરે ગુણો છે, તેઓ = **સદ્ગુણીઓ**, તેમના પ્રત્યે **રાગ કરાય**. કારણ કે ગુણાનુરાગ એ ગુણપ્રાપ્તિ માટે અમોઘ બીજ સમાન છે. જેઓ **નિઃસ્નેહી** છે = પોતાનામાં અનુરક્ત નથી, તેમના પ્રત્યે **રાગ ન બંધાય**, કારણ કે એકપક્ષી સ્નેહ દુઃખનું કારણ છે. તથા **પાત્રપરીક્ષા કરાય**, કારણ કે જે અપરીક્ષિતનો પક્ષપાત કરે, તે આપત્તિઓનું ભાજન થાય છે. **અને આ** = સદ્ગુણી પ્રત્યે ગુણાનુરાગ-વગેરે, **દક્ષોનો**

---

१. क-निगुणेसु । २. क.ख-किज्जइ ।

**कषपट्टः** - स्वसतत्त्वज्ञापकः । एतदेव दाक्ष्यं तत्फलं वा यत् सुगुणानुरञ्जनादीति हृदयम् । किञ्चान्यत् -

**नाकज्जमायरिज्जइ**
**अप्पा [१]पाहिज्जए न [२]वयणिज्जे ।**
**न य साहसं चइज्जइ**
**[३]उब्भिज्जइ तेण जगहत्थो ॥१२॥**

**अकार्यम्** - सतां स्वप्नेऽपि कर्तुमयोग्यम्, **नाचर्यते**,

---

= સદ્ગુરુની સમુપાસનાના બળે જેઓ સમ્યક્ વિધિમાં વિચક્ષણ છે તેમનો **કષપટ્ટ** = કસોટી પથ્થરનો પટ્ટો છે = તેમનું સ્વરૂપ (દક્ષપણું) જણાવનારો છે. જેમ સુવર્ણનું સ્વરૂપ કસોટીથી જણાય છે, તેમ ગુણાનુરાગ વગેરેથી દક્ષત્વ જણાય છે. આશય એ છે કે આ જ દક્ષતા છે કે દક્ષતાનું ફળ છે, કે જે સદ્ગુણીઓ પ્રત્યે અનુરાગ હોય, ઈત્યાદિ. વળી -

**અકાર્ય ન આચરાય, પોતાને નિંદનીયમાં ન પાડાય, સાહસનો ત્યાગ ન કરાય, તેનાથી જગતહસ્તને ઉંચો કરાય છે. ॥૧૨॥**

**અકાર્ય** = સજ્જનો વડે સ્વપ્નમાં પણ કરવા

---

१. क.ख-पाडिज्जइ । २. क-वसणेसु । ३. क-आयरियमग्गो य साहूणं ।

अकार्यत्वादेव । **आत्मा वचनीये न पात्यते**, अपयशसो मृत्योरपि दुःसहत्वात्, उक्तं च - न भीतो मरणादस्मि, केवलं दूषितं यशः । विशुद्धस्य हि मे मृत्युः, पुत्रजन्मसमः किल - इति । **न च साहसं त्यज्यते**, श्रियः कातरविरक्तत्वात्, यदाह-साहसिया लच्छी हवइ, न हु कायरपुरिसाह । कण्णय कणयकुंडलह, अंजण पुण नयणाह - इति । **तेन** - अकार्यपरिहारादिना, **जगद्धस्त उद्भिद्यते**, स्वविभूतिविभाभरेण विच्छायीक्रियते विश्वमित्याशयः । तथा -

---

અયોગ્ય, **ન આચરાય**, એ અકાર્ય છે માટે જ. તથા **પોતાને નિંદનીયમાં ન પાડાય**, કારણ કે અપયશ એ મૃત્યુ કરતા પણ વધારે દુઃસહ છે. કહ્યું પણ છે કે હું જો નિષ્કલંકપણે મરણ પામું, તો એ મૃત્યુ પણ મારા માટે પુત્રજન્મ જેવા ઉત્સવ સમાન છે. **તથા સાહસનો ત્યાગ ન કરાય**. કારણ કે **લક્ષ્મી** કાયર પુરુષથી વિરક્ત થાય છે. જેથી કહ્યું પણ છે - જે સાહસિક છે, તેમને લક્ષ્મી મળે છે. કાયર પુરુષોને નથી મળતી. કાનને સુવર્ણના કુંડળ મળે છે. કારણ કે તે વીંધાય છે, વીંધાવાનું સાહસ કરે છે. આંખ વીંધાતી નથી માટે તેને કાળું કાજળ મળે છે. **તેનાથી** = અકાર્યના પરિહાર વગેરેથી **જગતહસ્ત ઉંચો કરાય છે** = પોતાની સમૃદ્ધિના પ્રકાશના પ્રાગ્ભારથી જગતને ઝાંખુ કરાય છે. તથા -

**वसणे वि न[1] [2]मुज्झिज्जइ**

**मुञ्चइ माणो न नाम मरणेवि ।**

**वि[3]हवक्खएवि दिज्जइ**

**वयमसिधारं खु धीराणं ॥१३॥**

**व्यसनेऽपि न मुह्यते**, इत्थमेव व्यसनविजयसम्भवात्, **मरणेऽपि नाम मानो न मुच्यते**, प्राणसंशयेऽपि जातेऽपात्र-प्रणामदीनोल्लापादि नैव क्रियत इत्याकूतम्, **विभवक्षयेऽपि** औदार्यदाक्षिण्यदाक्ष्येण स्वाधीनसम्पद् **दीयते**, तदेतत् **खलु**

---

**આપત્તિમાં પણ મુંઝાવું નહીં, મરણમાં પણ માન ન છોડાય, વૈભવના ક્ષયમાં પણ દેવાય, ખરેખર એ ધીરોનું તલવારની ધાર જેવું વ્રત છે. ॥૧૩॥**

**આપત્તિમાં પણ મુંઝાવું નહીં**, કારણ કે આ રીતે જ આપત્તિ પર વિજય મેળવવો શક્ય છે. **મરણમાં ય માન ન છોડાય**, અર્થાત્ જાન જોખમમાં હોય, તો ય અપાત્રને પ્રણામ, દીન-વચનોચ્ચાર વગેરે ન જ કરાય. **વૈભવનો ક્ષય થાય, તો ય** ઔદાર્ય અને દાક્ષિણ્ય - આ ગુણોમાં પ્રવીણતા હોવાથી જે સ્વાધીન સંપત્તિ હોય, તે **અપાય છે.** તે આ **ખરેખર ધીરપુરુષોનું તલવારની ધાર** જેવું **વ્રત**

---

१. क-जिणधम्मं नो मुच्चिज्जई हि रि मरणंतेवि । २. ख-मुच्चइ ।
३. क-वहिवखयवि । ख-विहविखए दि० ।

**धीराणामसिधारं व्रतम्**, यथैव करालकरवालनिशित-धारामाश्रित्य गमनं दुःशक्यम्, तथैव व्रतमप्येतद्धीराणा-मित्यभिप्रायः, यदुक्तम् - विपद्यप्यदीनत्वं चावष्टम्भः कष्टितस्य च । गतायुषोऽपि धीरत्वं, स्वभावोऽयं महात्मनाम् - इति । अन्यदप्याह -

**अइनेहो न [1]वहिज्जइ**
**[2]रुसिज्जइ न [3]य पिये वि पयदियहं ।**
**[4]वद्धारिज्जइ न कली**
**जलंजली दिज्जइ दुहाणं ॥१४॥**

---

છે. જેમ ભયાનક તલવારની તીક્ષ્ણ ધાર પર ચાલવું મુશ્કેલ છે, તેમ જ ધીરોનું આ વ્રત પણ દુષ્કર છે. જે કહ્યું પણ છે કે - આપત્તિમાં પણ અદીનપણું, પોતાને કષ્ટ હોવા છતાં પણ પોતે બીજાના સહારા બનવું, મરણ આવવા છતાં પણ ધીરતા રાખવી - આ મહાપુરુષોનો સ્વભાવ છે. બીજું પણ કહે છે -

**અતિસ્નેહ ન રખાય, પ્રિય ઉપર પણ પ્રતિદિન રોષ ન કરાય, કલહની વૃદ્ધિ ન કરાય, આ રીતે દુઃખોને જલાંજલિ અપાય છે. ॥૧૪॥**

---

१. क.ख-विहि० । २. क-नो रुसिज्जइ आणुसासिज्जं । ३. ख-हु पिए वि पइदियहां । ४. क-ता णं न वधारिज्जइ कलि ।

**अतिस्नेहो नोह्यते**, स्वपरापायावहत्वात्तस्य, अति सर्वत्र वर्जयेदित्युक्तेश्च । **प्रियेऽपि**, आस्तामितर इत्यपिशब्दार्थः, **प्रतिदिवसं न च** - नैव **रुष्यते**, उक्तहेतोः, उक्तं च - अत्यन्तघृष्टाद्दहनश्चन्दनादपि जायते - इति (त्रिषष्टि० चरिते)। तथा **कलिर्न वर्द्धाप्यते**, सर्वश्रीस्तेनत्वात्कलहस्य, तथा चेन्दिरोदितम् - अदन्तकलहो यत्र, तत्र शक्र ! वसाम्यहम् - इति (श्राद्धविधिवृत्तावुद्धरणम्) । एवं कृते सति **दुःखानां**

---

**અતિ સ્નેહ ન રખાય**, કારણ કે તે પોતાને અને બીજાને આપત્તિજનક છે. વળી એવું વચન પણ છે, કે અતિનો સર્વત્ર ત્યાગ કરવો. **પ્રિય ઉપર પણ**, બીજા પર તો જવા જ દો. એવો પણ શબ્દનો અર્થ છે. **પ્રતિદિવસ રોષ ન જ કરાય**, કારણ કે એ પણ સ્વ-પરને નુકશાનકારક છે. + અતિનો સર્વત્ર ત્યાગ કરવો જોઈએ. કહ્યું પણ છે કે ચંદનને ખૂબ ઘસવામાં આવે તો તેનામાંથી પણ આગ ફાટી નીકળે છે. (ત્રિષષ્ટિ૦ચરિતે) તથા **કલહની વૃદ્ધિ ન કરાય**, કારણ કે કલહ એ સર્વ સંપત્તિને ચોરી લે છે. તે મુજબ લક્ષ્મીનું વચન પણ છે, કે - હે શક્ર ! જ્યાં પરસ્પરનો ઝગડો નથી, ત્યું હું નિવાસ કરું છું. (આ પંક્તિ શ્રાદ્ધવિધિવૃત્તિમાં ઉદ્ધૃત કરી છે.) આવું

**जलाञ्जलिर्दीयते**, दुःखाङ्कुरोद्दलनं क्रियत इत्यर्थः, अतिस्नेहादेरेव तदङ्कुरकल्पत्वादिति । किञ्च -

**न[1] कुसंगेण वसिज्जइ**
**बालस्स वि घिप्पए हिअं वयणं ।**
**[2]अनायाओ निवटिज्जइ**
**[3]न होइ वयणिज्जया एवं ॥१५॥**

**न कुसङ्गेनोष्यते**, चौरग्रामवासिसज्जनज्ञातेनान्यथा-

---

કર્યે છતે **દુઃખોને જલાંજલિ અપાય છે,** અર્થાત્ દુઃખના અંકુરાઓને ઉખેડાય છે. કારણ કે અતિ સ્નેહ વગેરે જ દુઃખના અંકુરા જેવા છે. વળી -

**કુસંગપૂર્વક વાસ ન કરાય, બાળકનું ય હિતવચન મનાય, અન્યાયથી પાછા ફરાય, આ રીતે નિંદનીયતા થતી નથી. ॥૧૫॥**

**કુસંગપૂર્વક વાસ ન કરાય,** કારણ કે જો ખરાબ લોકો સાથે રહે તો જેમ ચોરોના ગામમાં રહેતા સજ્જનો પણ દંડાયા, તેમ કુસંગ કરનાર સારી વ્યક્તિ પણ દુઃખી

---

१. क-वसियव्वं न कुसंगे नीयस्स वि । २. क-अनायाओ नियटि० । ख-अनयानउ निअट्टि० । ३. क-न दुख तेण पाविज्जा ।

ऽपायानपायात्, अत एवाहुराचार्याः-स्थाने सुप्रातिवेशिमके - इति (योगशास्त्रे १-४९) । तथा **बालस्यापि हितं वचनं गृह्यते**, इतरतद्ग्रहणसमानफलत्वात्, अपरथा हिताभ्युपायोपदर्शकावज्ञादोषोपलेपप्रसक्तेर्भवान्तरेऽपि हितवञ्चितत्वप्रसङ्गाच्च, अत एव वदन्ति - बालादपि हितं ग्राह्यम् - इति । तथा**ऽन्यायान्निवर्त्यते**, एतच्चानाभोगादिना कथञ्चित्तत्प्रवृत्तौ सत्यां ज्ञेयम्, अन्यथा तु न्यायमार्गातिक्रमस्यैव विरहान्न

---

થાય છે. માટે જ આચાર્યદેવે કહ્યું છે - સારા પાડોશવાળા સ્થાનમાં રહેવું. (યોગશાસ્ત્ર ૧-૪૯)

તથા **બાળકનું પણ હિતવચન મનાય,** કારણ કે જે ફળ વિદ્વાનનું હિતવચન માનવાથી મળે, એ જ ફળ તેનાથી પણ મળવાનું છે. જો એ હિતવચનની અવગણના કરે, તો હિતનો ઉપાય બતાડનારની અવજ્ઞાનો દોષ લાગવાથી ભવાંતરમાં પણ હિતવચનથી વંચિત થઈ જવાય. માટે જ કહે છે - બાળક પાસેથી પણ હિતનું ગ્રહણ કરવા યોગ્ય છે.

તથા **અન્યાયથી નિવૃત્તિ લેવાય.** આ વસ્તુ અનાભોગ વગેરેથી કોઈ રીતે અન્યાયમાં પ્રવૃત્તિ થઈ હોય, તો તે સંબંધી સમજવું. અન્યથા તો ન્યાયમાર્ગનું ઉલ્લંઘન જ ન

सम्भवत्यन्यायनिवर्तनमिति ध्येयम्, उक्तं च - अद्यैव वा मरणमस्तु युगान्तरे वा, न्यायात् पथः पदमपि न चलन्ति धीराः - इति । **एवम्** - उक्तोपायादत्यनुभावेन, **वचनीयता न भवति,** कुसङ्गसंवासादेरेव तद्धेतुत्वात्, हेतुपरिहारस्य परमार्थतः फलपरिहाररूपत्वेन वचनीयतायास्तत्त्यागत्यक्तत्वात् । किञ्चान्यत् -

[१] **विहवे वि न मज्जिज्जइ**

**न विसीइज्जइ असंपयाए वि ।**

---

થયું હોવાથી અન્યાયથી પાછું ફરવું સંભવતું નથી, એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ. કહ્યું પણ છે - આજે જ મૃત્યુ હો, કે અન્ય યુગમાં હો, પણ ધીરપુરુષો ન્યાયમાર્ગથી એક પગલું પણ ચલિત થતા નથી. **આ રીતે** = ઉપરોક્ત ઉપાયોના આદરના પ્રભાવથી, **નિંદનીયતા થતી નથી,** કારણ કે કુસંગસંવાસ વગેરે જ નિંદનીયતાના કારણ છે અને હેતુપરિહાર એ પરમાર્થથી ફળપરિહારરૂપ હોવાથી કુસંગ વગેરેના ત્યાગથી જ નિંદનીયતાનો ત્યાગ થઈ ગયો છે. વળી -

**વૈભવમાં ય મદ ન કરાય, અસંપત્તિમાં ય વિષાદ ન**

---

१. क-विहमए न मच्चेज्जा पुछिज्जा जं कुणइ कज्जे ।

**वट्टिज्जइ समभावे**

**न[1] होइ [2]रणरणइ संतावो ॥१६॥**

**विभवेऽपि न माद्यते**, ऐश्वर्यमदस्य दारिद्रदायकत्वात्, यत उक्तम् - जातिलाभकुलैश्वर्य-बलरूपतपःश्रुतैः । कुर्वन् मदं पुनस्तानि हीनानि लभते जनः - इति (योगशास्त्रे ३३९) । तथाऽ**सम्पद्यपि न विषीद्यते**, स्वोचितनयोपयुक्तानां विषादानास्पदत्वात्, प्रकृते चोचितनयो यथा - सम्पन्न-

---

**કરાય, સમભાવમાં વર્તાય. આ રીતે હાડોહાડ સંતાપ થતો નથી. ॥૧૬॥**

**વૈભવમાં ય મદ ન કરાય.** કારણ કે ઐશ્વર્યનો મદ દરિદ્રતા આપે છે. જેથી કહ્યું પણ છે - જાતિ, લાભ, કુલ, ઐશ્વર્ય, બલ, રૂપ, તપ અને શ્રુતથી જે અભિમાન કરે છે, તે હીન જાતિ વગેરેને મેળવે છે. (યોગશાસ્ત્ર ૩૩૯)

તથા **અસંપત્તિમાં ય વિષાદ ન કરાય**, કારણ કે જેઓ પોતાને ઉચિત નયમાં ઉપયુક્ત છે (અવસરોચિત અભિપ્રાય ધરાવે છે), તેઓ વિષાદના પાત્ર નથી. પ્રકૃતમાં ઉચિત નય આવો હોઈ શકે - દરિદ્રો હંમેશા વધુ

---

१. क-न हवइ तस्स संतावो । २. ख-रणरणय ।

तरमेवान्नं, दरिद्रा भुञ्जते सदा । क्षुत् स्वादुतां जनयति, सा चाढ्येषु सुदुर्लभा - इति । इत्थमेवैतदपि शक्यसम्भवम् - विपुद्युच्चैः स्थेयम् - इति (नीतिशतके ) । **समभावे** च **वर्त्यते**, इतरस्य दुःखसन्दोहनिबन्धनत्वात्, तदुक्तम् - निःसङ्गतामेहि सदा तदात्मन् ! । अर्थेष्वशेषेष्वपि साम्यभावात् । अवेहि विद्वन् ! ममतैव मूलं शुचां सुखानां समतैव चेति- इति (अध्यात्मकल्पद्रुमे १६-३) । एवं कृते सति **रणरणं**

---

શ્રેષ્ઠ આહાર જ જમે છે. કારણ કે ભોજનને સ્વાદિષ્ટ બનાવે છે ભૂખ, અને તે (ભૂખ) શ્રીમંતોમાં ખૂબ દુર્લભ છે.

આવો અભિપ્રાય રાખવાથી જ આ પણ શક્ય બને છે, જેમ કે કહ્યું છે - વિપત્તિમાં ય માથું ઉંચું રાખીને રહેવું જોઈએ (નીતિશતક).

અને **સમભાવમાં વર્તાય છે.** કારણ કે મમત્વ એ દુઃખોના સમૂહનું કારણ છે. તે કહ્યું પણ છે - હે આત્મા ! તું સર્વ પદાર્થોમાં સામ્યભાવથી હંમેશા નિઃસંગ બન. હે વિદ્વાન ! તું સમજી લે કે શોકોનું મૂળ મમતા જ છે અને સુખોનું મૂળ સમતા જ છે (અધ્યાત્મકલ્પદ્રુમ ૧૬-૩).

આમ કરવાથી **રણરણ કરતો** = હૃદયને બાળતો,

कुर्वन् - हृदयमभिदहन् **सन्तापः** - पाश्चात्यानुशयः, **न भवति**, हेतुविरहात् । किञ्चान्यत् -

**[1]वन्निज्जइ भिच्चगुणो न परुक्खं**
**न य सुअस्स पच्चक्खं ।**
**महिला उ नोभयाविहु[2]**
**न नस्सए जेण माहप्पं ॥१७॥**

**भृत्यगुणः परोक्षं न वर्ण्यते**, कार्यनाशाद्यपायापत्तेः, **न च सुतस्य** गुणः **प्रत्यक्षं** वर्ण्यते, गुणहानिप्रसक्तेः, एतत्तु

---

**સંતાપ** = પાછળથી થતો પશ્ચાત્તાપ **નથી થતો**, કારણ કે સંતાપનું કારણ જ રહેતું નથી. વળી અન્ય પણ ઉપદેશવચન કહે છે -

**નોકરનો ગુણ પણ પરોક્ષમાં ન કહેવાય, પુત્રનો ગુણ પ્રત્યક્ષ ન કહેવાય, સ્ત્રીની પ્રશંસા બંને રીતે ન કરાય, જેથી મહત્ત્વ નષ્ટ ન થાય. ॥૧૭॥**

**નોકરનો ગુણ પરોક્ષમાં ન કહેવાય**, કારણ કે તેનાથી કાર્યનાશ વગેરે આપત્તિ થાય છે. અને પુત્રનો ગુણ પ્રત્યક્ષમાં (તેની સામે) ન વર્ણવાય. કારણ કે તેનાથી તેના ગુણોની હાનિ થાય. આ વાત તો ચિત્રકારના

---

१. क-अत्थिवयणा निवइणा पखवया बलवया पयंडेण । गुरुणा नीय तवसिणायं एता व सह वज्जएवीयं ॥ २. ख-०विह ।

चित्रकृत्सुतज्ञातेन प्रसिद्धमेव। **महिला तूभयस्मादपि**-प्रत्यक्षतः परोक्षतश्च **न** वर्ण्यते, तथाविधप्रकृतिवशात्तस्या उपवर्णनानर्हत्वात्, तथा चागमः-तुच्छा गारवबहुला-इत्यादि (विशेषावश्यके ५५२) । **येन** - अनुचितवर्णनवर्जनेन, **माहात्म्यं न नश्यते ।** आदेयनामकर्मादि ह्युचितवचनविध्यादिकं निमित्तमासाद्यासादयत्युदयमतस्तदुदयोत्सुकैरुक्तविधिविचक्षणैर्भाव्यमिति भावः । उक्तं चान्यत्र प्रकारान्तरेण-प्रत्यक्षा गुरवस्तोत्याः, परोक्षे

---

દીકરાના દૃષ્ટાંતથી પ્રસિદ્ધ જ છે. **સ્ત્રીનું તો બંને ય રીતે** = પ્રત્યક્ષથી કે પરોક્ષથી વર્ણન ન કરાય. કારણ કે તેની તેવા પ્રકારની પ્રકૃતિને કારણે તેની પ્રશંસા કરવા જેવી નથી. આગમમાં પણ તેની પ્રકૃતિ વિષે કહ્યું છે કે - સ્ત્રી એ તુચ્છ છે, ઋદ્ધિ-રસ-શાતા ગારવની બહુલતાવાળી છે - ઈત્યાદિ.

**જેથી** - અનુચિત પ્રશંસાના ત્યાગથી **માહાત્મ્ય નષ્ટ થતું નથી.** આદેય નામકર્મ વગેરે ઉચિત વચનવિધિ વગેરે નિમિત્તને પામીને ઉદય પામે છે. માટે જેઓ તેના ઉદય માટે ઉત્સુક હોય, તેમણે ઉપરોક્ત વિધિમાં વિચક્ષણ થવું જોઈએ, એવો અહીં આશય છે. અન્યત્ર પણ બીજા પ્રકારે કહ્યું છે - ગુરુઓની સ્તુતિ પ્રત્યક્ષમાં કરવી જોઈએ. મિત્ર-બાંધવોની સ્તુતિ પરોક્ષમાં કરવી જોઈએ. નોકરોની

मित्रबान्धवाः । भृत्याश्च कार्यपर्यन्ते, नैव पुत्रा मृताः स्त्रियः - इति । किञ्च -

**जंपिज्जइ पिअवयणं**
**किज्जइ विणओ अ दिज्जए दाणं ।**
**परगुणगहणं किज्जइ**
**अमूलमंतं वसीकरणं ॥१८॥**

**प्रियवचनं जप्यते**, सर्वसन्तोषहेतुत्वात्, तदाह - प्रियवाक्यप्रदानेन सर्वे तुष्यन्ति जन्तवः । तस्मात्तदेव वक्तव्यं

---

પ્રશંસા કામ પૂરું થયા પછી કરવી જોઈએ. પુત્રોની પ્રશંસા ન જ કરવી જોઈએ. સ્ત્રીઓની પ્રશંસા તેમના મરણ બાદ કરવી જોઈએ. વળી -

**પ્રિય વચન બોલાય, વિનય કરાય, અને દાન અપાય, બીજાના ગુણનું ગ્રહણ કરાય, એ મંત્ર અને મૂલ વિનાનું વશીકરણ છે. ॥૧૮॥**

**પ્રિયવચન બોલાય**, કારણ કે એ બધાને સંતુષ્ટ કરે છે. તેવું કહ્યું પણ છે - પ્રિય વાક્ય બોલવાથી સર્વ જીવો ખુશ થાય છે. માટે તે જ બોલવું જોઈએ. વચનમાં વળી દરિદ્રતા શાની ? (ચાણક્યનીતિ )

**શંકા :-** સત્ય જ બોલવું જોઈએ, માટે એમાં પ્રિય-

वचने का दरिद्रता ? - इति (चाणक्यनीतौ) । ननु च सत्यमेव वक्तव्यमिति कोऽत्र प्रियेतरविचारावकाश इति चेत् ? न, सत्यपि यथार्थत्वेऽप्रिये सत्यत्वविरहात्, तदाहुः - तत् सत्यमपि नो सत्य-मप्रियं चाहितं च यत् - इति (योगशास्त्रे १-२१) **विनयश्च क्रियते**, सर्वगुणमूलत्वात्, सर्वार्थ-साधकत्वाच्च, उक्तं च - विणओ गुणाण मूलं-इति (पुष्पमालायाम् ३०७), हुज्ज असज्झं मन्ने मणिमंतोसहाईण वि जगम्मि । नत्थि असज्झं कज्जं किंपि विणीयाण पुरिसाणं

---

અપ્રિયના વિચારનો અવકાશ જ ક્યાં રહે છે ?

**સમાધાન :-** ના, કારણ કે અપ્રિય વચન યથાર્થ હોય, તો પણ એ સત્ય નથી.

તે કહ્યું પણ છે - તે સત્ય પણ સત્ય નથી, કે જે અપ્રિય અને અહિતકારક હોય. (યોગશાસ્ત્ર ૧-૨૧)

**તથા વિનય કરાય**, કારણ કે એ સર્વ ગુણોનું મૂળ છે અને સર્વ પ્રયોજનોને સિદ્ધ કરનારું છે. કહ્યું છે - વિનય એ ગુણોનું મૂળ છે. (પુષ્પમાલા ૩૦૭) તથા - જગતમાં મણિ, મંત્ર અને ઔષધથી પણ ન થાય એવું કાર્ય હશે. પણ વિનીત પુરુષોથી ન થાય, એવું કોઈ કાર્ય નથી. (પુષ્પમાલા ૪૧૯).

તથા દાન અપાય, કારણ કે જો પ્રિયવચન વગેરે

– इति (पुष्पमालायाम् ४१६) । तथा **दानं दीयते**, तदन्तरेण प्रियवचनविनयादेर्दम्भमात्रे पर्यवसानात्, सतोऽपि वित्तस्य सत्पात्रविनियोगविरहे तदुत्तरगुणायोग्यत्वानुषङ्गाच्च, यदुक्तम्– यः सद् बाह्यमनित्यं च क्षेत्रेषु न धनं वपेत् । कथं वराकश्चारित्रं दुश्चरं स समाचरेत् ? – इति (योगशास्त्रे २९१) । तथा **परगुणग्रहणं क्रियते** – परमाणुप्रतिमा अपि परगुणा गुणानुरागातिशयेन पर्वतीकृत्य दृश्यन्त उपबृंह्यन्ते च,

---

પછી કાંઈ આપે નહીં તો એ મીઠાં વચન, વિનય વગેરે દંભમાત્રમાં પર્યવસિત થઈ જાય. તથા પોતાની પાસે સંપત્તિ હોવા છતાં પણ સુપાત્રમાં તેનો વિનિયોગ ન કરે, તો દાન વગેરેથી ઉંચા જે ગુણો છે, તેના માટે તે અયોગ્ય થઈ જાય. જેથી કહ્યું પણ છે - વિદ્યમાન, બાહ્ય અને અનિત્ય એવા ધનને જે સાત ક્ષેત્રોમાં વાવતો નથી, તે બિચારો દુષ્પાલ્ય એવા ચારિત્રને શી રીતે આચરશે ? (યોગશાસ્ત્ર ૨૯૧).

તથા **પરગુણગ્રહણ કરાય** = બીજાના પરમાણુ જેટલા પણ ગુણો અત્યંત ગુણાનુરાગથી પર્વત જેટલા કરીને જોવાય અને તેની ઉપબૃંહણા કરાય. કારણ કે તેની પ્રશંસા એ પ્રાયઃ અત્યંત ઈષ્ટ હોય છે. કહ્યું પણ છે - જેમ તને

तत्प्रशंसायाः प्रायेणेष्टतमत्वात्, उक्तं च - यथा तवेष्टा स्वगुणप्रशंसा, तथा परेषामिति मत्सरोज्झी । तेषामिमां सन्तनु यल्लभेथास्तां नेष्टदानाद्धि विनेष्टलाभः - इति (अध्यात्मकल्पद्रुमे १५३) । तदेत**दमन्त्रमूलं वशीकरणम्**, दृश्यते चैतत् यत् प्रियवचनादिप्रभावेण मन्त्रादिकमन्तरेणापि वशीभवन्ति प्राणिन इति । इदमन्यदपि वशीकारादिविभूतिविश्राणक-मित्याह-

---

પોતાના ગુણોની પ્રશંસા ઈષ્ટ છે, તેમ બીજાને પણ પોતાના ગુણોની પ્રશંસા ઈષ્ટ છે. માટે તું મત્સર છોડીને તેમની ગુણપ્રશંસા કરતો જા. ઈષ્ટ આપ્યા વિના તને ઈષ્ટ મળવાનું નથી. (અધ્યાત્મકલ્પદ્રુમ ૧૫૩). આ **મંત્ર અને મૂળ** (વિશિષ્ટ પ્રભાવશાળી ઔષધિ) **વગરનું વશીકરણ છે.** આવું દેખાય છે કે પ્રિયવચન વગેરેના પ્રભાવે મંત્ર વગેરે વિના પણ જીવો વશ થઈ જાય છે. આ અન્ય પણ વશીકરણ વગેરે ઐશ્વર્ય આપનારું છે, એ કહે છે -

**અવસરે બોલાય, ઘણાની વચ્ચે દુર્જનને ય સન્માન અપાય, આ પોતાનો ને આ પારકો એવો વિશેષ જણાય, તેના સર્વ પ્રયોજનો સિદ્ધ થાય છે. ॥૧૯॥**

---

१. क-प्रतौ इदं वृत्तं न दृश्यते । ख-जंपिज्जइ पत्थावे ।

[१] **पत्थावे जंपिज्जइ**

**सम्माणिज्जइ खलोऽवि बहुमज्झे ।**

**नज्जइ सपरविसेसो**

**सयलत्था तस्स सिज्झन्ति ॥१९॥**

**प्रस्तावे जप्यते**, अपरथावमाननादिप्रसक्तेः, यदाह- अप्राप्तकालं वचनं बृहस्पतिरपि ब्रुवन् । लभते विफलायासं लोकाच्चाप्यवमाननाम् - इति, अत एव वदन्ति - प्रस्तावे मितभाषित्वम् - इति । तथा **बहुमध्ये खलोऽपि सन्मान्यते**, अन्यथात्यन्तप्रद्वेषमापन्नोऽसौ प्राणघातमपि विदध्यात्, एतदभि-

---

**અવસરે બોલાય**, અન્યથા અપમાન વગેરે થાય, જે કહ્યું - જેનો અવસર ન હોય, એવું વચન બૃહસ્પતિ પણ બોલે, તો ય એ નિષ્ફળ ક્લેશ અને લોક દ્વારા અપમાન જ પામે છે. માટે જ નીતિકારો કહે છે - અવસરે ઓછું બોલવું જોઈએ.

તથા **ઘણાની વચ્ચે દુર્જનને પણ સન્માન અપાય.** જો ઘણાની વચ્ચે દુર્જનને અપમાનિત કરાય, તો એ અત્યંત પ્રદ્વેષ પામીને વધ પણ કરી નાખે. આવી વાત સમજીને જ નીતિકારે કહ્યું છે - દુર્જન ખુશ થાઓ.

તથા **સ્વ-પરનો વિશેષ જણાય**, કારણ કે જે સ્વ-

सन्धायैवाह नीतिकारः - तुष्यन्तु दुर्जनाः - इति । तथा **स्वपरविशेषो ज्ञायते**, तदज्ञस्य सर्वारम्भाफलत्वापत्तेः, अनर्थप्रसङ्गाच्च । **तस्य** - प्रस्तावभाषित्वादिविशेषविशिष्टस्य, **सकलार्थाः** - गृहशान्तिवाणिज्यसौस्थ्यादयोऽशेषप्रयोजनाः, **सिध्यन्ति**-साधकसद्गुणसमनुभावेन सिद्धिमुपयान्त्येव । तथा -

**मंतंताण न [१]पासे**
**गम्मइ न [२]परग्गहे अबीएहिं ।**
**पडिवन्नं पालिज्जइ**
**सुकुलीणत्तं हवइ एवं ॥२०॥**

---

પરનો વિશેષ ન જાણે, તેના સર્વ કાર્યો નિષ્ફળ જાય એવી શક્યતા છે. વળી તેનાથી અનર્થ પણ થઈ શકે છે.

**તેના** = અવસરે પરિમિત બોલવું વગેરે વિશેષોથી વિશિષ્ટ હોય તેના **સર્વ પ્રયોજનો** = ગૃહશાંતિ, વેપારમાં સુસ્થિતતા વગેરે બધા કાર્યો, **સિદ્ધ થાય છે** = તે કાર્યના સાધકના સદ્ગુણોના પ્રભાવે સિદ્ધ થાય છે જ. તથા -

**જેઓ મંત્રણા કરી રહ્યા હોય, તેમની પાસે ન જવાય, બીજાના ઘરમાં એકલા ન જવાય. સ્વીકાર્યું હોય એનું**

---

१. क-पासेज्जा गमई नो परिग्रिहे अवीउ य । २. ख-परगिहे अवीए वि ।

**मन्त्रयतां पार्श्वे न गम्यते**, सर्वशङ्कास्पदत्वानुषङ्गाल्लाघवप्रसङ्गाच्च, षट्कर्णो भिद्यते मन्त्र इतिस्मरद्भिर्वधादिप्रत्यपायसम्भवाच्च । **न च परगृहेऽद्वितीयै**र्गम्यते, शीलसंशयभयात्, दाराविप्लवाद्याशङ्काजननाच्च, तथा **प्रतिपन्नं पाल्यते,** अन्यथा मृषाभाषित्वप्रसक्तेः, अत एवोक्तम् - तेजस्विनः सुखमसूनपि सन्त्यजन्ति, सत्यस्थितिव्यसनिनो न पुनः

---

**પાલન કરાય. આ રીતે સુકુલીનત્વ થાય છે.** ॥૨૦॥

**મંત્રણા કરનારાઓની પાસે ન જવાય**, કારણ કે તેનાથી બધાને પોતાના પર શંકા થાય. વળી કોઈ અપમાન કરીને કાઢી મૂકે, તેનાથી લઘુતા પણ થાય. એવી નીતિ છે કે જે મંત્રણાને છ કાન સાંભળે (ત્રીજી વ્યક્તિ સાંભળે), એ ગુપ્ત વાત ફૂટી જાય છે. આ નીતિને યાદ કરીને કોઈ વધ વગેરે પણ કરે. તથા **બીજાના ઘરે એકલા ન જવાય**, કારણ કે એમાં શીલ જોખમમાં મુકાય, એવો ભય છે. તથા જેના ઘરે જાય, તેની પત્નીને પોતે ભ્રષ્ટ કરી છે, એવી તેને શંકા પણ થાય. તથા **જે સ્વીકાર્યું હોય તેનું પાલન કરાય.** અન્યથા મૃષાભાષિપણાની આપત્તિ છે. માટે જ કહ્યું છે કે - તેજસ્વીઓ સુખેથી પ્રાણોને પણ છોડી દે છે, પણ સત્ય સ્થિતિના આગ્રહી

प्रतिज्ञाम् - इति । **एवं** - मन्त्रस्थानपरिहारादिना **सुकुलीनत्वं भवति**, न हि कौलीन्यं कुलप्रतिबद्धम्, अपि तु वृत्तानुवर्त्ति तदित्याकूतम्, अत एवाहुः परेऽपि-न कुलं वृत्तहीनस्य प्रमाणमिति मे मतिः । चण्डालोऽपि हि वृत्तस्थ-स्तं देवा ब्राह्मणं विदुः - इति । किञ्च -

**भुंजइ भुंजाविज्जइ**
**पुच्छिज्ज मणोगयं [१]कहिज्ज सयं ।**
**दिज्जइ लिज्जइ उचिअं**
**इच्छिज्जइ जइ थिरं पिम्मं ॥२१॥**

---

એવા તેઓ પ્રતિજ્ઞાને છોડતા નથી.

**આ રીતે** = મંત્રણાના સ્થાનનો ત્યાગ વગેરેથી, **સુકુલીનત્વ થાય છે.** કુલીનતા એ કાંઈ કુળને આધીન નથી, પણ ચારિત્રને આધીન છે, એવો આશય છે. માટે જ બીજાઓએ પણ કહ્યું છે કે- જે ચરિત્રહીન છે, તેનું કુળ પ્રમાણ નથી એમ હું માનું છું. ચંડાળ પણ જો ચરિત્રમાં સ્થિર હોય, તો દેવો એને બ્રાહ્મણ માને છે. વળી-

**જમે, જમાડે, મનની વાત પૂછે અને પોતે કહે, ઉચિત આપે અને લે, જો સ્થિર પ્રેમ ઈચ્છતો હોય. ॥૨૧॥**

**જમે** - પોતાને મિત્ર વગેરેએ આમંત્રિત કર્યો હોય,

---

१. ख-कहिज्जइ सययं ।

**भुङ्क्ते** - स्वयं मित्रादिनाऽऽमन्त्रितः सन् तद्भावानुवर्त्तनाय तद्गृहे जेमते, भावसारं निमन्त्रयतोऽपि प्रतिषेधकरणे प्रीतिहानियोगात् । तथा **भोज्यते** - मित्रादीनामन्त्र्य प्रेमपुरस्सरं मधुरा रसवती परिवेष्यते, तथा **मनोगतं पृच्छेत्** - मित्राद्यन्तः - करणस्थितां वार्त्तां पर्यनुयोगगोचरीकुर्यात्, **स्वयम**पि स्वकीयं रहस्यं तं **कथयेत्, दीयते लीयते चोचितम्,** आदान-प्रदानादिव्यवहारविरहे प्रेम्नो निराधारभावेनावस्थानासम्भवात् । कुर्यादेतद्भोजनादि **यदि स्थिरं प्रेमेच्छेत्,** उक्तोपायानां

---

તો તેમની લાગણીને સાચવવા માટે તેમના ઘરે જમે. કારણ કે ખૂબ ભાવથી મિત્ર વગેરે નિમંત્રણ આપતા હોય, તો ય તેમને ના પાડી દે, તો પ્રેમ ઓછો થઈ જાય. તથા **જમાડે** - મિત્ર વગેરેને આમંત્રણ આપીને પ્રેમપૂર્વક તેમને મધુર ભોજન પીરસે. તથા **મનની વાત પૂછે,** મિત્રના ચિત્તમાં રહેલી વાતનો પ્રશ્ન કરે. **પોતે** પણ પોતાનું રહસ્ય મિત્રને **કહે.**

**ઉચિત દેવાય** અને **લેવાય**, કારણ કે જો પરસ્પર આપ-લેનો વહેવાર ન હોય, તો પ્રેમ નિરાધાર થઈ જાય, તેથી પ્રેમ ટકી ન શકે. **જો સ્થિર પ્રેમને ઈચ્છે,** તો આ ભોજન વગેરે કરે, કારણ કે ઉપરોક્ત ઉપાયો પ્રેમને

प्रेमस्थिरीकरणे समर्थत्वात् । किञ्च-

**को वि न अवमन्निज्जइ**

**न य गव्विज्जइ गुणेहिं निअएहिं ।**

**न विम्हओ वहिज्जइ**

**बहुरयणा जेणिमा पुढवी ॥२२॥**

**न कोऽप्यवमन्यते**, मरणादप्यधिकदुःखत्वादवज्ञायाः, उक्तं च - ध्वस्ते माने हि दुःखाय जीवितं मरणादपि - इति । **न च निजैर्गुणैर्गर्वः क्रियते**, ज्ञानादिमदस्यापि प्रवचने

---

સ્થિર કરવા માટે સમર્થ છે. વળી -

**કોઈનું અપમાન ન કરાય, પોતાના ગુણોથી ગર્વિત ન થવાય, વિસ્મય ન કરાય, કારણ કે આ પૃથ્વી ઘણા રત્નોવાળી છે. ॥૨૨॥**

**કોઈની અવજ્ઞા ન કરવી**, કારણ કે અપમાનથી મરણ કરતાં ય વધારે દુઃખ થાય છે. કહ્યું પણ છે - માનભંગ થાય પછી જીવન એ મરણ કરતાં ય વધારે દુઃખદાયક બની જાય છે.

તથા **પોતાના ગુણોનો ગર્વ ન કરાય**, કારણ કે પ્રવચનમાં જ્ઞાનાદિ મદનો પણ નિષેધ કર્યો છે. તે કહ્યું

---

१. ख-न चमकिज्जइ नियएहिं ।

प्रतिक्रुष्टत्वात्, तदाह–जइ नाणाइ मओ वि य पडिकुट्ठो अट्ठमाणमहणेहिं । तो सेस मयट्ठाणा परिहरियव्वा पयत्तेण – इति (पुष्पमालायाम् २९८) । **न च विस्मय ऊह्यते**, कथं नामामुकस्यैतादृशं पराक्रमं सम्भवतीत्यादिलक्षणाऽऽरेका न क्रियत इत्यर्थः, **येनेमा पृथ्वी बहुरत्ना**, तदुक्तम् – प्रकृष्टेभ्यः प्रकृष्टाः स्यु–र्बहुरत्ना वसुन्धरा – इति । तथा –

**आरंभिज्जइ लहुअं**
**किज्जइ कज्जं महंतमवि पच्छा ।**
**न य उक्करिसो किज्जइ**
**लब्भइ गुरुअत्तणं जेण[1] ॥२३॥**

---

છે – જો આઠ પ્રકારના મદોને જીતનારાઓએ જ્ઞાન વગેરેના મદનો પણ પ્રતિષેધ કર્યો છે, તો બાકીના મદોની તો વાત જ ક્યાં રહી ? તેમનો પણ પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો જોઈએ. (પુષ્પમાલા ૨૯૮) તથા **વિસ્મય ન કરાય**, અર્થાત્ અમુકનું આવું પરાક્રમ શી રીતે સંભવે ? એવી શંકા ન કરાય, **કારણ કે આ પૃથ્વી ઘણા રત્નોવાળી છે.** કહ્યું પણ છે – ઉત્કૃષ્ટ કરતાં ય ઉત્કૃષ્ટો હોય છે. કારણ કે પૃથ્વી બહુરત્ના છે. તથા –

**નાના કાર્યની શરૂઆત કરાય, પછી મોટું કાર્ય પણ**

**लघुकं** कार्य**मारभ्यते**, **पश्चान्महदपि कार्यं क्रियते** । न तु महदारभ्य तदन्तराल एव विषीद्यत इत्यभिप्रायः । **न चोत्कर्षः क्रियते**, तस्य दोषपोषाद्यनर्थनिबन्धनत्वात्, अन्वाह - उत्सर्पयन् दोषशाखा गुणमूलान्यधो नयन् । उन्मूलनीयो मानद्रुस्तन्मार्दवसरित्प्लवैः - इति (योगशास्त्रे ३४०), **येन** - उक्तसदुपायादरेण, **गुरुकत्वम्** - माहात्म्यम्, **लभ्यते** । तल्लाभप्रतिलाभकान्तरमाह -

---

**કરાય. ઉત્કર્ષ ન કરાય, જેથી ગૌરવ મળે. ॥૨૩॥**

**નાનું** કાર્ય **શરૂ કરાય, પછી મોટું ય કાર્ય કરાય.** અભિપ્રાય એ છે કે મોટું કામ શરૂ કરીને તેમાં વચ્ચે જ સીદાવું પડે, એવું ન કરવું. વળી **અભિમાન ન કરવું.** કારણ કે અભિમાન એ દોષોનું પોષણ વગેરે અનર્થ કરે છે. કહ્યું પણ છે - દોષશાખાઓને ઉંચે પ્રસારનાર, ગુણ મૂળોને નીચે લઈ જનાર એવા અભિમાન વૃક્ષને મૃદુતારૂપી નદીના પ્રવાહોથી ઉખાડી કાઢવું જોઈએ. (યોગશાસ્ત્ર ૩૪૦).

**જેથી**=ઉપરોક્ત સમ્યક્ ઉપાયોના આદરથી, **ગૌરવ** =માહાત્મ્ય **મળે.** ગૌરવની પ્રાપ્તિનું બીજું કારણ કહે છે-

**પરમાત્માના દર્શન કરાય, બીજાને પોતાની સમાન**

---

१. ख-तेण ।

[1]सा( जो )इज्जइ परमप्पा
अप्पसमाणो गणिज्जइ [2]परो ।
किज्जइ न रागदोसो
[3]छिन्निज्जइ तेण संसारो ॥२४॥

**परमात्माऽवलोक्यते**, अनिशमपि स्वलक्ष्यत्वेन स्वदृष्टिपथि प्रतिष्ठाप्यत इति हृदयम्, तथा **पर आत्मसमानो गण्यते**, एवमेव संवरसामग्र्यसम्पादनात्, यत् पारमर्षम् - सव्वभूअप्पभूअस्स सम्मं भूयाइं पासओ । पिहिआसवस्स

---

**ગણાય, રાગ-દ્વેષ ન કરાય, તેનાથી સંસાર છેદાય છે. ॥૨૪॥**

**પરમાત્માનું અવલોકન કરાય**, અર્થાત્ હંમેશા પોતાના લક્ષ્યરૂપે પરમાત્માને પોતાના દૃષ્ટિપથમાં પ્રતિષ્ઠિત કરાય. તથા **અન્યને પોતાની સમાન ગણાય**, કારણ કે આ જ રીતે સંવરની સંપૂર્ણતાને પ્રાપ્ત કરી શકાય. કારણ કે પરમર્ષિનું એવું વચન છે કે - જે સર્વ જીવોને પોતાના સમાન સમજે છે અને આ રીતે જીવોને સમ્યક્પણે જુએ છે, તેવા આશ્રવો દ્વારોને સ્થગિત કરનારા દાંત આત્માઓને પાપકર્મ બંધાતું નથી. (દશવૈકાલિકે ૪૦)

---

१. ख-किइ० । २. ख-परो वि । ३. ख-छिंदि० ।

दंतस्स पावकम्मं न बंधइ - इति (दशवैकालिके ४०) तथा **रागद्वैषो न क्रियते**, तदकरणस्यैवात्यन्तिकदुःखमुक्तिमूलत्वात्, तथा चार्षम् - को दुक्खं पावेज्जा ? कस्स व सुहेहिं विम्हओ होज्जा ? । को व न लभिज्ज मोक्खं, रागदोसा जइ न होज्जा - इति (उपदेशमालायाम् १२९), एतदेव साक्षादाह - **तेन** - परमात्माप्रलोकनादिना, **संसारश्छिद्यते**, सन्ततसंसरणस्वरूपा भवसन्ततिरुपरम्यत इत्यर्थः । उपसंहरति -

---

તથા **રાગ-દ્વેષ ન કરાય**, કારણ કે રાગદ્વેષનું અકરણ એ જ આત્યંતિક દુઃખમુક્તિનું મૂળ છે. તેવું ઋષિવચન પણ છે - કોણ દુઃખ પામે ? અથવા તો કોને સુખોથી વિસ્મય થાય ? અથવા તો કોણ મોક્ષ ન મેળવે ? કે જો રાગ અને દ્વેષ ન હોય. (ઉપદેશમાલા ૧૨૯) આ જ વાતને શબ્દશઃ કહે છે - **તેથી** = પરમાત્માના દર્શન વગેરેથી, **સંસાર છેદાય છે** = સતત સરકવારૂપ સંસારની પરંપરાનો અંત આવે છે.

હવે ઉપસંહાર કરતા કહે છે -

**જે આ પ્રમાણે સારી રીતે પોતાના કંઠમાં**

**उवएसरयणमालं जो एवं[1]**
**ठवइ सुट्ठु निअकंठे ।**
**सो नरो सिवसुहलच्छी-[2]**
**वत्थयले रमइ सत्थोइ[3] ॥२५॥**

**एवम्** - उक्तस्वरूपाम्, **उपदेशरत्नमालां यो निजकण्ठे सुष्ठु स्थापयति,** अनिशमपि तत्पाठपरायणतया परिणततत्पदार्थत्वेन स्वाचारगोचरीकुरुत इत्याशयः । **स नरः शिवसुखलक्ष्मीवक्षःस्थले स्वस्थानि रमते,** स्वरूप-

---

**ઉપદેશરત્નોની માળાને ધારણ કરે છે, તે મનુષ્ય શિવસુખલક્ષ્મીના હૈયે સ્વસ્થ રમે છે. ॥૨૫॥**

**આ રીતે** = ઉપરોક્ત સ્વરૂપવાળી, **ઉપદેશરત્નોની માળાને જે પોતાના કંઠમાં સમ્યક્ સ્થાપિત કરે છે,** અર્થાત્ હંમેશા તેના પાઠમાં પરાયણ રહેવાથી તેના પદાર્થોની પરિણતિ મેળવીને તેને પોતાના આચરણમાં લાવે છે, **તે મનુષ્ય મોક્ષસુખરૂપી લક્ષ્મીના હૈયે સ્વસ્થ રમે છે,** એટલે કે આત્મસ્વરૂપમાં પ્રતિષ્ઠા પામવાથી જન્મેલા સ્વાસ્થ્યના સુખસમૂહોનું પાત્ર થાય છે. માટે -

---

१. ख-एवि कुणइ । २. ख-लच्छी व० । ३. ख-सव्वाए ।

प्रतिष्ठाप्रसूतस्वास्थ्यसुखसन्दोहभाग् भवतीत्यर्थः । अतः -

[1]**एअं पउमजिणेसरसूरि-**
**वयणगुंफरम्मिअं वहउ ।**
**भव्वजणो कंठगयं**
**विउलं उवएसमालमिणं ॥२६॥**

**इति - श्रीपद्मजिनेश्वरसूरिकृत-उपदेशरत्नकोषः ।**

**एतां पद्मजिनेश्वरसूरिवचनगुम्फरम्यामिमां विपुलाम्** - महार्थाम्, **उपदेशमालां भव्यजनः कण्ठगतां वहतु ।** मिथ्याऽस्तु दुःसन्दब्धं मम । शोधयन्तु बहुश्रुताः ।

---

**આ પદ્મજિનેશ્વરસૂરિની વચન-રચનાથી રમ્ય વિપુલ એવી આ ઉપદેશમાળાને ભવ્યજન પોતાના કંઠમાં ધારણ કરે. ॥૨૬॥**

**ઈતિ પ.પૂ. આચાર્યદેવ શ્રી પદ્મજિનેશ્વરસૂરિકૃત ઉપદેશરત્નકોષ**

**વિપુલ** એટલે મહાર્થ. (આ કોષ શબ્દથી નાનો છે. પણ અર્થથી મોટો છે.) અહીં મેં કાંઈ દુષ્ટ રચના કરી હોય તે મિથ્યા થાઓ. કૃપા કરીને બહુશ્રુતો તેનું સંશોધન કરે.

ઈતિ

---

१. ख-प्रतौ इदं वृत्तं न दृश्यते । क-प्रतौ अस्य स्थाने इमानि वृत्तानि अधिकानि -

इति
चरमतीर्थपति-करुणासागर-श्रमणभगवन्महावीरस्वामीशासने
वडोदरासमीपस्थमांगलेजग्राममध्ये
वि.सं. २०६६ द्वितीयवैशाखकृष्णषष्ठ्यां
तपागच्छीयाचार्यदेवश्रीमद्विजयप्रेम-भुवनभानु-
पद्म-हेमचन्द्रसूरीश्वरशिष्य-
आचार्यविजयकल्याणबोधिसूरिसंस्तुता
उपदेशरत्नकोषवृत्तिरूपा
उपदेशोपनिषद् ।

---

न भरिज्जई कूडसक्खिं न वाइज्जई खलु वेससामंते ।
न किज्जइ दंतकलहं लच्छी तस्स हवइ भिच्चा ॥१॥
निययगुणं न मुच्चेज्जा सुदढभावं च नो विधारेज्जा ।
लहुए वि गुरुकज्जं नारंभइ वियक्खणो ॥२॥
जिणवयणे न वि संका दीणोद्धरणं सया विहिजिज्जा ।
हिययंमि दीवीयराओ धारिओ नो हारिओ जम्मो ॥३॥
आडोवे न वि पेमं न कुणइ जूएण वित्तअहिलासो(सं) ।
न नियगुणे विम्हिज्जइ बहुरयणा जेण पुहवीए ॥४॥
कलिठाणे न चिट्ठेज्जा किच्चं काउण नो बिगच्छेज्जा ।
गुरुणो बहुमन्नेज्जा सपुरिसाणं तु चिण्हाइं ॥५॥
न वि किज्जइ अइतिन्हा भाविज्जइ य संसार निसारं ।
न धरिज्जइ भावसल्लं थुणिज्जई सो य जिणमग्गे ॥६॥
दाणं सुवायजुत्तं नाणमगत्थं पहो य खंत्तीए ।
वित्तं पुण चियसहियं दुल्लहम्मियं चउभद्दं ॥७॥

अमुणियफलं न भखेज्जा अइभासं(मायं) भोयणं न कायव्वं ।
इत्थीजणसंसिद्धिं(सग्गिं) अति वि य न धरिज्जा ॥८॥
सुयब(व)सेण कज्जं अप्पदोसो न परस्स दायव्वो ।
विरत्तचित्ते राओ न किज्जइ सुहियकामेणं ॥९॥
सुहवासो सुकलत्तं सुपुत्तो सज्जणाणुराउ य ।
न य वित्तं सुहसहियं सुहमेयं खलु माणुस्साणं ॥१०॥
तं चिय नाणं सिक्खेह जेण जीवो सयावि धि(धी)रो होइ ।
न कलंकिज्जइ लोए मुओ वि न दुग्गई जाइ ॥११॥
कुलाओ वि वरं सीलं रुवाओ वि वरं गुणं ।
रज्जाओ वि वरं विज्जा तवसाओ वि वरं खमा ॥१२॥
धम्मे राओ सुए चिंता दाणे वि मणमुत्तमं ।
इंदियत्थेसु वइराओ संपत्तं जम्मणो फलं ॥१३॥
कामी य कोही लोही अविनाय जुवइं रिउ रोग ।
रायाणं अठण्हं मा पुण सुमिणंमि न वीससिज्जइ ॥१४॥
ज्झायज्जइ परमत्थो परमप्पाणं(णा) गणिज्जइ समाणो ।
न किज्जइ रागदोसो छिन्नुच्चिय तेण संसारो ॥१५॥

ચરમતીર્થપતિ-કરુણાસાગર-શ્રીમહાવીરસ્વામિશાસને
વડોદરા સમીપસ્થ શ્રી માંગલેજગામમધ્યે
વિ.સં. ૨૦૬૬ દ્વિતીય વૈશાખ સુદ છઠ-દિવસે
તપાગચ્છીયાચાર્યદેવશ્રીમદ્વિજયપ્રેમ-ભુવનભાનુ-
પદ્મ-હેમચન્દ્રસૂરીશ્વરશિષ્ય-
આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ સંસ્તુતા
ઉપદેશરત્નકોષવૃત્તિરૂપ
ઉપદેશોપનિષદ્



# જીવન અને જનમોજનમને સુવાસિત કરતી
# પુષ્પપૂજા

પરમાત્મા મહાવીરે કહ્યું હતું કે ભવિષ્યમાં એવા અનેક મતો નીકળશે, જેઓ મારા શાસન પર પ્રહારો કરશે, આગમવાણીનો વિપ્લવ કરવા પ્રયત્ન કરશે, શુદ્ધ પરંપરાનો વિલોપ કરવા પ્રયત્ન કરશે, આમ છતાં પણ મારું શાસન ૨૧ હજાર વર્ષ સુધી અવિચ્છિન્નપણે ચાલુ રહેશે. પાંચમા આરાના અંત સુધી મારી શુદ્ધ પરંપરાનું અનુસંધાન ચાલુ જ રહેશે.

આજે કેટલાક અજ્ઞાની જીવો શુદ્ધ પરંપરાનો વિરોધ કરી રહ્યા છે. તેમને એવો ભ્રમ છે, કે પ્રભુપૂજામાં પાપ છે. પુષ્પ વગેરેના જીવોની હિંસા ન કરાય. આ અજ્ઞાની જીવો ખરેખર દયાપાત્ર છે. ઉપલક દૃષ્ટિએ જેઓ તેમની વાત માની લે છે, તેઓ તો અત્યંત દયાપાત્ર છે. શાસ્ત્રોના રહસ્ય તેમણે જાણ્યા નથી. પુષ્પ વગેરેના જીવોની દેખીતી દયાની પાછળ પોતાના આત્મા પર, મુગ્ધ શ્રોતા પર અને સમગ્ર વિશ્વના છકાયના જીવો પર નિર્દયતા રહેલી

છે, એ તેઓ સમજતા નથી. નાગકેતુ જેવા પુણ્યાત્મા પ્રભુની ફૂલપૂજા કરતા કેવળજ્ઞાન પામ્યા. સાદિ અનંત કાળ માટે શાશ્વત પદને પામ્યા. કાયમ માટે છકાયના જીવોની હિંસાથી મુક્ત બની ગયા. કેવળીઓ જાણે છે કે, પ્રભુપૂજાના વિરોધીઓ અનંતકાળ સુધી સંસારમાં ભમે છે. અને અનંત જીવનોમાં છકાયના જીવોની હિંસા કરે છે. આ રીતે સ્વરૂપથી સપાપ પૂજા પણ પરંપરાએ નિષ્પાપ છે. મહામહોપાધ્યાય ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી ગણિવર્યે પોતાના અગાધ શાસ્ત્રજ્ઞાનનો નિચોડ આપતા કહ્યું છે -

**સ્વરૂપથી દીસે સાવદ્ય અનુબંધે પૂજા નિરવદ્ય,**
**જે કારણ જિન ગુણ બહુમાન તે અવસર વરતે શુભ ધ્યાન.**
**જિનવર પૂજા દેખી કરી ભવિયણ ભાવે ભવજલ તરી,**
**છકાયના રક્ષક હોય વળી, એ ભાવ જાણે કેવળી.**

આ જ પુણ્ય પુરુષે **દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા**માં પણ કહ્યું છે -

**न च स्नानादिना काय-वधादत्रास्ति दुष्टता ।**
**दोषादधिकभावस्य, तत्रानुभविकत्वतः ॥५-२७॥**

સ્નાન વગેરેથી જીવવિરાધના થતી હોવાથી પ્રભુપૂજા દૂષિત છે, એવું નથી. કારણ કે એ દોષ કરતા અધિક

શુભભાવ પ્રભુપૂજામાં આવે છે, એ અનુભવસિદ્ધ છે. પાંચ રૂપિયા ખર્ચીને ૫ કરોડ રૂપિયાની કમાણી થતી હોય, તો એ ખર્ચો કરવા જેવો કે નહીં ?

૧૪૪૪ ગ્રંથકર્તા પ્રવચનોપનિષદ્વેદી પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ **ષોડશક પ્રકરણ**માં કહ્યું છે -

**कूपोदाहरणादिह कायवधोऽपि**
**गुणवान् मतो गृहिणः ॥९-१४॥**

જેમ કૂવો ખોદતા થાક લાગે છે, તરસ લાગે છે, અને શરીર પર કાદવ લાગે છે. પણ જ્યારે કૂવો ખોદાઈ જાય ત્યારે પાણીથી સ્નાન કરવાથી થાક ઉતરી જાય, તરસ છિપાઈ જાય અને કાદવ પણ ધોવાઈ જાય, કાયમનું સુખ થઈ જાય. તે રીતે જિનપૂજામાં ઉપલક દૃષ્ટિએ હિંસા લાગતી હોવા છતાં પણ પરિણામે તો તેનાથી વિરાટ અહિંસારૂપ ફળ જ મળે છે. આ રીતે પરમાર્થથી તો પ્રભુપૂજાથી ગૃહસ્થને લાભ જ થાય છે. નિકટના ભવિષ્યમાં શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે, અને આ રીતે સદા માટે છકાયના જીવોને અભયદાન આપી શકાય છે.

માટે જ પૂ. હરિભદ્રસૂરિ મહારાજા કહે છે -

**प्रवरं पुष्पादि सदा चाद्यायां सेवते तु तद्दाता ।**
**॥ષોડશક પ્રકરણ ૯-૧૧॥**

પ્રથમ = કાયિક પૂજામાં પૂજક હંમેશા ઉત્તમ પુષ્પો વગેરે દ્વારા પૂજા કરે છે.

**તત્ત્વાર્થસૂત્ર**ના કર્તા શ્રી ઉમાસ્વાતિ વાચકે **શ્રાવકપ્રજ્ઞપ્તિ** નામના સૂત્રમાં શ્રાવક માટે મોક્ષનો ઉપાય જણાવતા કહ્યું છે -

**सुत्तभणिएण विहिणा गिहिणा निव्वाणमिच्छमाणेण ।**
**लोगुत्तमाण पूया निच्चं चिय होइ कायव्वा ॥३५०॥**

જે મોક્ષાભિલાષી હોય એ ગૃહસ્થે સૂત્રમાં કહેલી વિધિથી નિત્ય જિનપૂજા કરવી જોઈએ.

**पूयाए कायवहो पडिकुट्ठो सो उ किं तु जिणपूया ।**
**सम्मत्तसुद्धिहेउ त्ति भावणीया उ णिरवज्जा ॥३४५॥**

પૂજામાં જીવહિંસા થાય અને જીવહિંસાનો નિષેધ કરાયો છે, પણ જિનપૂજા સમ્યક્ત્વની શુદ્ધિ કરે છે, માટે જિનપૂજા પાપરહિત છે.

**સંબોધપ્રકરણ**માં પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ કહ્યું છે -

**पूयाए मणसंती मणसंतीए उत्तमं झाणं ।**
**सुहझाणेण य मोक्खो मुक्खे सुक्खं अणाबाहं ॥१९१॥**

પૂજાથી મનની શાંતિ મળે છે, મનની શાંતિથી ઉત્તમ ધ્યાન મળે છે. શુભધ્યાનથી મોક્ષ મળે છે, અને મોક્ષમાં અવ્યાબાધ સુખ છે.

**મહાનિશીથ** નામનું આગમસૂત્ર કહે છે -

**अकसिणपवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो ॥३-२८॥**

પુષ્પ વગેરેથી જિનપૂજા કરવી એ સંપૂર્ણ સંયમથી રહિત એવા શ્રાવકો માટે ઉચિત છે.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે **જ્ઞાનસાર**માં કહ્યું છે -

**द्रव्यपूजोचिता भेदोपासना गृहमेधिनाम् ।**

ગૃહસ્થો ભેદોપાસનારૂપ દ્રવ્યપૂજા - પુષ્પ વગેરેથી જિનપૂજા કરે, એ ઉચિત છે.

**શ્રાવક પ્રજ્ઞપ્તિ**માં શ્રી ઉમાસ્વાતિ વાચકે સ્પષ્ટ જણાવ્યું છે -

**देहाइनिमित्तं पि हु जे कायवहम्मि तह पयट्टंति ।**
**जिणपूयाकायवहम्मि तेसिं पडिसेहणं मोहो ॥३४९॥**

જેઓ પોતાના શરીર, ઘર વગેરે માટે પણ

જીવહિંસામાં પ્રવર્તે છે, તેઓને જિનપૂજા માટે જીવહિંસા કરવાનો પ્રતિષેધ કરવો એ મોહ છે - મિથ્યાત્વ છે - બહુ મોટી ભ્રાંતિ છે.

હા, શરીરાદિ માટે કરાતી સર્વ જીવહિંસાનો જે ત્યાગ કરી દે, તેને પૂજા કરવાની જરૂર નથી.

**કથારત્નકોષ** નામના ગ્રંથમાં કહ્યું છે -

**जइ पुण पोसहनिरया सच्चित्तविवज्जया जइसरिच्छा ।**
**उत्तरपडिमासु ठिया पुप्फाई ता विवज्जंतु ॥**

જેઓ પૌષધમાં નિરત હોય, સચિત્ત આહાર-પાણીના ત્યાગી હોય, સાધુ જેવું જીવન જીવતા હોય, વિશિષ્ટ શ્રાવક-પ્રતિમાને વહન કરતા હોય, તેઓ પુષ્પ વગેરેનો ભલે ત્યાગ કરે.

ઘર માટે, પરિવાર માટે, શરીર માટે, ધંધા માટે, મોજ-શોખ માટે જે અઢળક જીવહિંસા કરે છે, એવા જીવને શ્રાવક જીવનના મુખ્ય કર્તવ્યરૂપ જિનપૂજામાં હિંસા દેખાડીને પૂજાનો નિષેધ કરવો, એ કેટલી વિચિત્ર બાબત છે ! પોતાને અને બીજાને ભવસાગરમાં ડુબાડવાનું કેટલું હિચકારું કૃત્ય છે !

યાદ રહે, ભાવસ્તવ = સાધુધર્મ મોક્ષે જવા માટેની

એક્સપ્રેસ ટ્રેન છે, જ્યારે પુષ્પ વગેરેથી જિનપૂજા રૂપ દ્રવ્યસ્તવ એ પ્લેટફોર્મ છે. પ્લેટફોર્મ વિના ટ્રેનમાં ચડવું શક્ય નથી, તેમ જિનપૂજાથી દૂર રહે, તેનો નિષેધ કરે, તેને ભવાંતરમાં પણ સંયમપ્રાપ્તિ શક્ય નથી. **કથારત્નકોષ** ચોખ્ખા શબ્દોમાં કહે છે -

**पुप्फाइदव्वत्थयमकुणंतो कह गिही हविज्ज जोग्गो ।**
**भावत्थयस्स ? ता पढमभूमिगाए जइज्ज इहं ॥**

જે ગૃહસ્થ પુષ્પો વગેરેથી દ્રવ્યસ્તવ નથી કરતો તે ભાવસ્તવને યોગ્ય ક્યાંથી થાય ? માટે પુષ્પ વગેરેથી પૂજા કરવારૂપ આ પ્રથમ ભૂમિકાના વિષયમાં પ્રયત્ન કરવો જોઈએ.

પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ **સંબોધપ્રકરણ**માં કહ્યું છે -

**पूयम्मि वीयराये भावो विप्फुरइ विसयविवच्चाया ।**
**आया अहिंसभावे वट्टइ इह तेण नो हिंसा ॥१-२०१॥**

જ્યારે વીતરાગ પરમાત્માની પૂજા કરાય ત્યારે વિષયવ્યત્યાસ થાય છે. શરીરાદિના મમત્વ પરથી મન ઉઠી જાય છે અને પરમાત્મા પ્રત્યે કેન્દ્રિત થાય છે. આત્મા અહિંસાભાવમાં પ્રવર્તે છે, માટે તેમાં હિંસા નથી.

**जत्थ य अहिंसभावो तत्थ य सुहजोगकारणं भणियं ।**
**अणुबंधहेउरहिओ वट्टइ इह तेण नो हिंसा ॥१-२०२॥**

જ્યાં મનમાં અહિંસાનો ભાવ છે, ત્યાં આગમમાં પ્રશસ્ત પ્રવૃત્તિનું કારણ કહ્યું છે. વળી અહીં પરંપરાએ પણ હિંસા થતી નથી, માટે જિનપૂજામાં હિંસા નથી.

આટઆટલા શાસ્ત્રવચનોને જાણ્યા પછી પણ જેઓ પોતાના કુતર્ક અને કદાગ્રહથી પાછા ફરતા નથી, તેમને પૂ. હરિભદ્રસૂરિ મહારાજા લાલબત્તી ધરવા સાથે કહે છે -

**अण्णत्थाऽऽरंभवओ धम्मेऽणारंभओ अणाभोगो ।**
**लोए पवयणखिंसा अबोहिबीअं ति दोसा य ॥**
**॥પંચાશક ૮-૧૨॥**

જે ઘર વગેરે માટે હિંસા કરે છે, તે ધર્મ માટે હિંસા ન કરે, એ તેનું અજ્ઞાન છે. લોકો પણ તેના લીધે જિનશાસનની નિંદા કરે, કે આ લોકોનો ધર્મ તો જુઓ, પોતાના ભગવાનને ય પૂજતા નથી, આ રીતે બીજાને જિનશાસનના નિંદક બનાવીને ભવોભવ સુધી તેમને અને પોતાને બોધિબીજથી વંચિત કરી દેવામાં આવે છે, આવા અનેક દોષો લાગે છે.

પુષ્પપૂજાના દૃષ્ટાંતોમાં દરિદ્ર ડોસીનું દૃષ્ટાંત છે. પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ **પંચાશક**માં તેનો ઉલ્લેખ કર્યો છે -

**सुव्वइ दुग्गयनारी जगगुरुणो सिंदुवारकुसुमेहिं ।**
**पूआपणिहाणेणं उववन्ना तियसलोअंमि ॥४-४९॥**

સંભળાય છે કે ગરીબ સ્ત્રી જંગલમાં સિંદુવારના ફૂલથી પરમાત્માની પૂજા કરવાના અધ્યવસાયથી દેવલોકમાં ઉત્પન્ન થઈ.

## પ્રસ્તુત વિષયમાં

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત સવા સો ગાથાનું સ્તવન
મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત દેવધર્મપરીક્ષા ગ્રંથ
મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત ભક્તિ દ્વાત્રિંશિકા
મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત પ્રતિમાશતક
મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત કૂપદૃષ્ટાંતવિશદીકરણ
મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત પ્રતિમા મંડન સ્તવન
તત્ત્વાર્થકર્તા શ્રી ઉમાસ્વાતિવાચક કૃત પૂજા પ્રકરણ
તત્ત્વાર્થકર્તા શ્રી ઉમાસ્વાતિવાચક કૃત શ્રાવકપ્રજ્ઞપ્તિ
મહાન શ્રુતધરશ્રી સ્થવિર ભગવંત કૃત રાજપ્રશ્નીય આગમસૂત્ર

મહાન શ્રુતધર શ્રી સ્થવિરભગવંત કૃત જીવાભિગમ
આગમસૂત્ર

પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામિ કૃત જ્ઞાતાધર્મકથા
આગમસૂત્ર

પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત પંચાશક પ્રકરણ

પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત સંબોધ પ્રકરણ

પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત ષોડશક પ્રકરણ

પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત અષ્ટક પ્રકરણ

ઈત્યાદિ અનેક ગ્રંથોનું પરિશીલન કરવા જેવું છે. જે કદાગ્રહ છોડીને મધ્યસ્થપણે આ ગ્રંથોનું પરિશીલન કરે, ને જિનપૂજાનો હૃદયથી સ્વીકાર કરે, એમાં કોઈ શંકા નથી.

કેટલાક જીવો પુષ્પપૂજાનો વિશેષથી વિરોધ કરે છે, તેમના કલ્યાણ માટે અહીં કેટલાક શાસ્ત્રવચનો રજુ કરું છું.

| | |
|---|---|
| **पुप्फपूंजोवयारकलितं करेति** | - જીવાભિગમ આગમસૂત્ર તથા રાજપ્રશ્નીય આગમસૂત્ર |
| **विसिट्ठपुप्फाइएहिं विहिणा उ** | - પંચાશક પ્રકરણ |
| **चित्तकुसुमेहिं चित्तवासेहिं** | - પંચાશક પ્રકરણ |
| **मन्दारद्रुमचारुपुष्पनिकरैः** | - પ્રતિમાશતક |

| | |
|---|---|
| पुप्फवद्दलयं विउव्वंति | – રાજપ્રશ્નીય આગમસૂત્ર |
| जलपुष्पसिद्धार्थादीनि गृह्णन्ति | – પ્રતિમાશતકવૃત્તિ |
| प्रवरं पुष्पादि | – ષોડશક પ્રકરણ |
| पुष्पाहारस्तुतिभिश्च पूजयेत् | – ધર્મરત્ન પ્રકરણ |
| पुष्पादिक्रमेण, न तु तमुल्लङ्घ्य | – ધર્મરત્ન વૃત્તિ |
| वरकुसुमदाम | – પંચાશક પ્રકરણ |
| प्रधानपुष्पमाला | – પંચાશક વૃત્તિ |
| कुसुमक्खयगंधपईव | – ધર્મરત્ન વૃત્તિ |
| पुप्फारुहणं मालारुहणं | – ધર્મરત્ન વૃત્તિ |
| पुप्फगिह पुप्फपगरो | – ધર્મરત્ન વૃત્તિ |
| न शुष्कैः पूजयेद्देवं कुसुमैः | – ધર્મરત્ન વૃત્તિ |
| मध्याह्ने कुसुमैः पूजा | – પૂજા પ્રકરણ |
| नैकपुष्पं द्विधा कुर्यात् | – પૂજા પ્રકરણ |
| भूषणपुष्पवास | – પૂજા પ્રકરણ |
| पुष्पधूपादिभिः शुभैः | – ષોડશક પ્રકરણ |
| कुसुमक्खयधूवेहिं | – દર્શનશુદ્ધિ પ્રકરણ |
| पुष्पशाल्याद्यखण्डतन्दुल | – દર્શનશુદ્ધિ વૃત્તિ |
| कुसुमाईहिं अच्चेइ | – ધર્મરત્ન વૃત્તિ |
| बहुविहकुसुमाइं पंचवन्नाइ | – ધર્મરત્ન વૃત્તિ |
| हरउ तुह कुसुमंजली दुरियं | – ધર્મરત્ન વૃત્તિ |

**पुष्पोत्तमैः कुर्यात्** - વાદિવેતાળ શ્રીશાંતિસૂરિ

**प्रकीर्णकुसुमोत्करम्** - ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર

**वरपुप्फगंधअक्खय** - પુષ્પમાળા

**पुप्फेसु कीरजुयलं** - પુષ્પમાળા

આ સર્વ શાસ્ત્રવચનો એક મતે પુષ્પપૂજાની ઉપાદેયતા જણાવે છે. આધુનિક કુતર્કો દ્વારા આ વચનોની અવગણના કરવી એ ભગવાન મહાવીર અને ઉપકારી પૂર્વાચાર્યોની અવગણના છે. પોતાના અને બીજાના આત્મહિતની અવગણના છે. વાચકગણ મધ્યસ્થભાવ સાથે આ વાસ્તવિકતાનું પરિશીલન કરે, પોતાના અને અન્યના કલ્યાણના નિમિત્ત બને, એ જ શુભેચ્છા સહ વિરમુ છું, જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

**આસો સુદ ૬,**<br>
વિ. સં. ૨૦૬૬,<br>
**અઠવાલાઈન્સ,**<br>
**સુરત**

પ્રાચીન શ્રુતોદ્ધારક પ. પૂ. આચાર્યદેવ<br>
શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનો<br>
ચરણ સેવક આચાર્ય વિજય<br>
**કલ્યાણબોધિસૂરિ**

# अथ प्रशस्तिः

श्रीमते वीरनाथाय, कारुण्यपुण्यपाथसे ।
चरमतीर्थनाथाय, परोपकारिणे नमः ।।१।।

गौतमस्वामिने स्वस्ति, सुधर्मस्वामिने नमः ।
तत्परम्परयाऽऽयात-यतीन्द्रेभ्यो नमो नमः ।।२।।

शुभ्राभ्रशुभ्रसन्तत्या-मेतस्यामभवत् किल ।
विजयानन्दसूरीशः, सुरीशसेव्यतां गतः ।।३।।

ततोऽपि कमलः सूरिः, संयमकमलाकरः ।
उपाध्यायस्तथा वीरो, वीर आन्तरविग्रहे ।।४।।

सर्वागमरहस्यज्ञ-स्ततो दानसूरीश्वरः ।
ततोऽपि प्रेमसूरीशः, सिद्धान्तैकमहोदधिः ।।५।।

भुवनभानुसूरीश-स्ततो न्यायविशारदः ।
पंन्यासोऽस्यानुजः पद्मः, समतारससागरः ।।६।।

विराजते विनेयोऽस्य, मादृशेषु कृपापरः ।
वैराग्यदेशनादक्षः, श्रीहेमचन्द्रसूरिपः ।।७।।

तत्पादपङ्कजालिना, सूरिकल्याणबोधिना ।
सन्दृब्धोऽयं प्रबन्धस्तु, कुर्यात् सर्वस्य मङ्गलम् ।।८।।

# સુકૃત અનુમોદના

## શ્રી જિનશાસન સુકૃત મુખ્ય આધારસ્તંભ

(૧) શ્રી નયનબાળા બાબુભાઈ જરીવાલા પરિવાર
હ. લીનાબેન ચંદ્રકુમારભાઈ જરીવાલા - મુંબઈ.

(૨) શ્રી મૂળીબેન અંબાલાલ શાહ પરિવાર
હ. રમાબેન પુંડરીકભાઈ શાહ, ખંભાત - મુંબઈ.

(૩) શ્રી નયનબાળા બાબુભાઈ જરીવાલા પરિવાર
હ. શોભનાબેન મનીશભાઈ જરીવાલા - મુંબઈ

(૪) શ્રી સાયરકંવર યાદવસિંહજી કોઠારી પરિવાર
હ. મીનાબેન વિનયચન્દ કોઠારી

(૫) હસમુખભાઈ કેસરીચંદ ચૂડગર (ઈન્ટાસ), અમદાવાદ

## શ્રી જિનશાસન સુકૃત આધારસ્તંભ

(૧) શ્રી કમળાબેન કાંતિલાલ શાહ પરિવાર
હ. બીનાબેન કીર્તિભાઈ શાહ (ઘાટકોપર-સાંઘાણી)

(૨) જાગૃતિબેન કૌશિકભાઈ બાવીશી
ડાલીની જયકુમાર મહેતા, મ્હેંક, કાંદિવલી, મુંબઈ.

## શ્રી શ્રુતોદ્ધાર મુખ્ય આધારસ્તંભ

(૧) શ્રી માટુંગા શ્વે.મૂ. જૈન સંઘ - મુંબઈ

(૨) શ્રી અઠવાલાઈન્સ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ અને
શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.

(૩) શ્રી ગોવાલિયા ટેન્ક જૈન સંઘ - મુંબઈ

(૪) શ્રી નવજીવન શ્વે.મૂ. જૈન સંઘ - મુંબઈ

## શ્રી શ્રુતોદ્ધાર આધારસ્તંભ

(૧) શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર - પાટણ

(૨) શ્રી મનફરા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ - મનફરા
(પ્રેરક : પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપ્રભસૂરીશ્વરજી મહારાજા)

(૩) શ્રી નડિયાદ શ્વે.મૂ. જૈન સંઘ - નડિયાદ

(૪) શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
શ્રી પાવાપુરી તીર્થધામ-જીવમૈત્રીધામ

(૫) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે. મૂ. તપાગચ્છ જૈન સંઘ,
શ્રી જયાલક્ષ્મી આરાધના ભવન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ

(૬) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સાયન (શિવ), મુંબઈ
(૭) શ્રી બાબુભાઈ સી. જરીવાલા ચેરીટેબલ ટ્રસ્ટ,
હ. શ્રી આદિનાથ જૈન સંઘ, નિઝામપુરા, વડોદરા.
(૮) શ્રી રિદ્ધિ સિદ્ધિ વર્ધમાન હાઈટ્સ શ્વે. મૂ. જૈન સંઘ,
ભાયખલા, મુંબઈ. (પ્રેરક : પ.પૂ.મુ. શ્રી જિનપ્રેમવિજયજી મ.)
(૯) શ્રી આદિનાથ સોસાયટી જૈન ટેમ્પલ ટ્રસ્ટ, પૂના,
(પ્રેરક : પૂ.પં. શ્રી અપરાજિતવિજયજી ગણિવર્ય)
(૧૦) શ્રી મુલુંડ શ્વે.મૂ. તપાગચ્છ સમાજ, મુંબઈ
(પ્રેરકઃ પૂ.પં.શ્રી હિરણ્યબોધિવિ. ગણિ, પૂ.મુ. શ્રી હેમદર્શનવિ.મ.)
(૧૧) શ્રી વિક્રોલી સંભવનાથ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ, વિક્રોલી (ઈ), મુંબઈ
(પ્રેરકઃ પૂ.મુ. શ્રી યશકલ્યાણવિ. મ., મુ. શ્રી તીર્થપ્રેમવિ. મ.)
(૧૨) શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ, ભગવાનનગરનો ટેકરો, અમદાવાદ.
(પ્રેરક : પૂ.આ. શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.)
(૧૩) શ્રી આદિશ્વરજી મહારાજ મંદિર ટ્રસ્ટ,
શ્રી દશા ઓસવાળ સિરોહીયા, સાથ ગોટીવાળા, ધડા, પૂના.
(પ્રેરક : તપસ્વીરત્ન પૂ.મુ. શ્રી અભયરત્નવિ. મ.)
(૧૪) શ્રી ગોડીજી ટેમ્પલ ટ્રસ્ટ, પૂના
(પ્રેરક : પૂ.આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા.)

## શ્રી શાસન સુકૃત રજતસ્તંભ

(૧) શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ,
નવરંગપુરા, અમદાવાદ. (હ. શ્રી શ્રેણીકભાઈ કસ્તૂરભાઈ)

## શ્રુતસમુદ્ધારક

૧) ભાણબાઈ નાનજી ગડા, મુંબઈ. (પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજયભુવનભાનુસૂરિ મ. સા.ના ઉપદેશથી)
૨) શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.
૩) શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
(પ. પૂ. તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજયહિમાંશુસૂરિ મ. સા.ની પ્રેરણાથી)
૪) શ્રી શ્રીપાળનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ.
(પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરિ મ.સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદસૂ. મ.સા.ની પ્રેરણાથી)
૫) શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પ. પૂ. પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)
૬) નયનબાલા બાબુભાઈ સી. જરીવાલા હા. ચંદ્રકુમાર, મનીષ, કલ્પનેશ (પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ. સા.ની પ્રેરણાથી)
૭) કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઈ (પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી)
૮) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાલા ટ્રસ્ટ, દાદર, મુંબઈ.

૯) શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ, મુંબઈ. (પ.પૂ. આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૧૦) શ્રી સાંતાક્રુઝ શ્વેતાં. મૂર્તિ તપાગચ્છ સંઘ, સાંતાક્રુઝ, મુંબઈ. (પ.પૂ. આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૧૧) શ્રીદેવકરણ મૂલજીભાઈ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઈ. (પ. પૂ. મુનિરાજ શ્રી સંયમબોધિવિ. મ. સા.ની પ્રેરણાથી)

૧૨) સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત.
(પૂજ્ય સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ., પૂજ્ય સાધ્વી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ.ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

૧૩) બાબુ અમીચંદ પન્નાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ-૬.
(પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિવિજયજી મ.સા., પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૧૪) શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ. (પૂ. મુનિરાજશ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ. મુનિરાજશ્રી રમ્યઘોષ વિ.મ.ની પ્રેરણાથી)

૧૫) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મંગલ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ. (પ. પૂ. આચાર્યદેવ શ્રીરૂચકચંદ્રસૂરિ મ.ની પ્રેરણાથી)

૧૬) શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.
(પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૧૭) શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઈ. (પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ. મ.ની પ્રેરણાથી)

૧૮) શ્રી કલ્યાણજી સૌભાગચંદજી જૈન પેઢી, પિંડવાડા. (સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા.ના સંયમની અનુમોદનાર્થે)

૧૯) શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.
(વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રીહેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૦) શ્રી આંબાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પૂ. મુનિરાજ શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.ની પ્રેરણાથી)

૨૧) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, વાસણા, અમદાવાદ.
(પૂ. આચાર્યશ્રી નરરત્નસૂરિ મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૨૨) શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર દેરાસર, પાલડી, અમદાવાદ. (પૂ. ગણિવર્ય શ્રીઅક્ષયબોધિવિજયજી મ.ની પ્રેરણાથી)

૨૩) શ્રી મહાવીર જૈન શ્વેતા. મૂર્તિપૂજક સંઘ, પાલડી, અમદાવાદ. શેઠ કેશવલાલ મૂળચંદ જૈન ઉપાશ્રય. (પ. પૂ. આચાર્યશ્રી રાજેન્દ્રસૂરિ મહારાજ સા.ની પ્રેરણાથી)

૨૪) શ્રી માટુંગા જૈન શ્વેતાં. મૂર્તિપૂજક તપગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઈ.

૨૫) શ્રી જીવિત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા. (રાજસ્થાન)
(પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિવિ. મ.સા. તથા મુનિરાજશ્રી મહાબોધિવિ. મ.સા.ની પ્રેરણાથી)

૨૬) શ્રી વિશા ઓશવાલ તપાગચ્છ જૈન સંઘ, ખંભાત. (વૈરાગ્યદેશનાદક્ષ પ. પૂ. આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૭) શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર મુંબઈ-૪૦૦ ૦૦૭.

૨૮) શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ. (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના સં. ૨૦૫૩ના પાલિતાણા મધ્યે ચાતુર્માસ પ્રસંગે જ્ઞાનનિધિમાંથી)

૨૯) શ્રીસીમંધરજિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઇ), મુંબઇ. (મુનિરાજશ્રી નેત્રાનંદવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૦) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ. (પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૩૧) શ્રીકૃષ્ણનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર, અમદાવાદ. (પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્‌વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ના ચાતુર્માસ નિમિત્તે પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૨) શ્રી બાબુભાઈ સી. જરીવાલા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા-૨. (પ. પૂ. મુનિરાજ શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૩) શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ, પુના. (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૩૪) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ, ભવાની પેઠ, પુના. (પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૫) શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુરત. (પૂ.પં. શ્રી અક્ષયબોધિ વિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૬) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાલા ટ્રસ્ટ, આરાધના ભુવન, દાદર, મુંબઈ. (મુનિરાજશ્રી અપરાજિતવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૭) શ્રી જવાહરનગર જૈન શ્વેતા. મૂર્તિ. સંઘ, ગોરેગાવ, મુંબઈ. (પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૩૮) શ્રી કન્યાશાળા જૈન ઉપાશ્રય, ખંભાત. (પ.પૂ. સા. શ્રી રંજનશ્રીજી મ. સા., પૂ. પ્ર. સા. શ્રી ઈંદ્રશ્રીજી મ. સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે પ. પૂ. સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ. સા., પ. પૂ. સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ. સા. તથા પ.પૂ. સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી)

૩૯) શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઈ. (પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી જયસુંદરવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૪૦) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, ૬૦ ફુટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ) (પૂ. પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૧) શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી.
(પ.પૂ.આ. શ્રી ગુણરત્નસૂરિ મ.ના શિષ્ય પૂ. પંન્યાસજી શ્રી પુણ્યરત્નવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. યશોરત્નવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૨) શ્રી કોઈમ્બતુર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, કોઈમ્બતુર.

૪૩) શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ. (પ. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ મ. સા.ની ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે થયેલ આચાર્ય-પંન્યાસ-ગણિ પદારોહણ, દીક્ષા વગેરે નિમિત્તે થયેલ જ્ઞાનનિધિમાંથી.)

૪૪) શ્રી મહાવીરસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસર, પાવાપુરી, ખેતવાડી, મુંબઇ. (પૂ. મુનિરાજશ્રી રાજપાલવિજયજી મ.સા. તથા પૂ.પં. શ્રી અક્ષયબોધિવિ. મ.સા.ની પ્રેરણાથી)

૪૫) જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ (પૂર્વ), મુંબઈ.

૪૬) શ્રી પાર્શ્વનાથ શ્વેતાં. મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ. (પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની સંઘમાં થયેલ ગણિ પદવીની અનુમોદનાર્થે)

૪૭) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાં. મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ. (પૂ. મુનિરાજશ્રી સત્યસુંદર વિ. મ.સા.ની પ્રેરણાથી)

૪૮) રતનબેન વેલજી ગાલા પરિવાર, મુલુંડ, મુંબઇ. (પ્રેરક-પૂ. મુનિરાજશ્રી રત્નબોધિવિજયજી મ. સા.)

૪૯) શ્રી મરીન ડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઇ.

૫૦) શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ, બાબુલનાથ, મુંબઇ (પ્રેરક-મુનિરાજ શ્રી સત્ત્વભૂષણવિજયજી મ.)

૫૧) શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ મુંબઇ. (પ્રેરક : પૂ. ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૫૨) શ્રી વિમલનાથ જૈન દેરાસર આરાધક સંઘ, બાણગંગા, મુંબઇ.

૫૩) શ્રી વાડિલાલ સારાભાઇ દેરાસર ટ્રસ્ટ પ્રાર્થના સમાજ, મુંબઇ (પ્રેરક : મુનિરાજશ્રી રાજપાલવિજયજી તથા પંન્યાસ શ્રીઅક્ષયબોધિવિજયજી ગણિવર.)

૫૪) શ્રી પ્રિન્સેસ સ્ટ્રીટ, લુહારચાલ જૈન સંઘ. (પ્રેરકઃ પૂ. ગણિવર્ય શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૫૫) શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ. (પ્રેરક-મુનિરાજશ્રી રાજપાલવિજયજી તથા પં.શ્રી અક્ષયબોધિવિજયજી ગણિવર)

૫૬) સા. શ્રી સૂર્યયશાશ્રીજી તથા સા. શ્રી સુશીલયશાશ્રીના પાર્લા (ઈ) કૃષ્ણકુંજમાં થયેલ ચોમાસાની આવકમાંથી.

૫૭) શ્રી પ્રેમવર્ધક દેવાસ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, દેવાસ, અમદાવાદ (પ્રેરક-પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ.)

૫૮) શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, સમારોડ, વડોદરા (પ્રેરક-પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૫૯) શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ-કોલ્હાપુર (પ્રેરક-પૂ.મુનિરાજશ્રી પ્રેમસુંદરવિજયજી મ.)

૬૦) શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે. મૂ. પૂ. સંઘ, અમદાવાદ (પ્રેરક - પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી પુણ્યરત્નવિજયજી ગણિ)

૬૧) શ્રી દિપક જયોતિ જૈન સંઘ, કાલાચોકી, પરેલ, મુંબઈ (પ્રેરક - પૂ.પં. શ્રી ભુવનસુંદરવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. શ્રી ગુણસુંદરવિજયજી ગણિવર્ય)

૬૨) શ્રી પદ્મમણિ જૈન શ્વેતાંબર તીર્થ પેઢી - પાબલ, પુના (પ. પૂ. પંન્યાસજી શ્રી કલ્યાણબોધિવિજયજી ગણિની વર્ધમાન તપની સો ઓળીની અનુમોદનાર્થે પ. પૂ. પંન્યાસ શ્રીવિશ્વકલ્યાણવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬૩) ૐકારસૂરીશ્વરજી આરાધના ભુવન - સુરત (પ્રેરક- આ. ગુણરત્નસૂરિ મ. ના શિષ્ય મુનિરાજશ્રી જિનેશરત્નવિજયજી મ.)

૬૪) શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, નાયડુ કોલોની, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ.

૬૫) શ્રી આદીશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ગોરેગાવ-મુંબઇ.

૬૬) શ્રી આદીશ્વર શ્વેતાંબર ટ્રસ્ટ, સાલેમ(પ્રેરક-પ.પૂ. ગચ્છાધિપતિ આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.)

૬૭) શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઈ.

૬૮) શ્રી વિલેપાર્લા શ્વે. મૂ.પૂ. જૈન સંઘ એન્ડ ચેરીટીઝ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ.

૬૯) શ્રી નેનસી કોલોની જૈન શ્વે. મૂ. પૂ. સંઘ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.

૭૦) માતુશ્રી રતનબેન નરસી મોનજી સાવલા પરિવાર. (પૂ. પં. શ્રી કલ્યાણબોધિવિજયજીના શિષ્ય મુનિરાજશ્રી ભકિતવર્ધનવિજયજી મ. સા. તથા પૂ. સાધ્વીજી શ્રી જયશીલાશ્રીજી મ. ના સંસારી સુપુત્ર રાજનની પુણ્યસ્મૃતિ નિમિત્તે હ. : સુપુત્રો નવીનભાઇ, ચુનીલાલ, દિલીપ, હિતેશ.

૭૧) શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઇ.) મુંબઇ (પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૭૨) શ્રી ધર્મવર્ધક શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કાર્ટર રોડ નં. ૧, બોરીવલી (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૭૩) શ્રી ઉમરા જૈન સંઘની શ્રાવિકાઓ (જ્ઞાનનિધિમાંથી) (પ્રેરક : પ.પૂ. મુનિરાજ શ્રી જિનેશરત્નવિજયજી મ.સા.)

૭૪) શ્રી કેશરિયા આદિનાથ જૈન સંઘ, ઝાડોલી, રાજ. (પ્રેરક : પ.પૂ. મુ. શ્રી મેરૂચંદ્ર વિ. મ. તથા પં. શ્રી હિરણ્યબોધિ વિ. ગ.)

૭૫) શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદીવલી, મુંબઈ (પ્રેરક : પ.પૂ. મુનિરાજ શ્રી હેમદર્શનવિ. મ.)

૭૬) શ્રી જૈન શ્વે. મૂ. સુધારાખાતા પેઢી, મહેસાણા.

૭૭) શ્રી વિક્રોલી સંભવનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, વિક્રોલી (ઈ), મુંબઈની આરાધક બહેનો તરફથી (જ્ઞાનનિધિમાંથી)

૭૮) શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત, મુંબઈ. (પ્રેરક - પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભ. શ્રીમદ્‌વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૭૯) શાહ જેસિંગલાલ મોહનલાલ આસેડાવાલાના સ્મરણાર્થે હ. પ્રકાશચંદ્ર જે. શાહ (આફ્રિકાવાળા) (પ્રેરક : પં. કલ્યાણબોધિ વિ. ગણિવર)

૮૦) શેઠ કનૈયાલાલ ભેરમલજી ચેરીટેબલ ટ્રસ્ટ, ચંદનબાળા, વાલકેશ્વર, મુંબઈ.

૮૧) શ્રી નવા ડીસા શ્વે.મૂ.પૂ. જૈન સંઘ (બનાસકાંઠા)

૮૨) શ્રી પાલનપુર જૈન મિત્ર મંડળ સંઘ, બનાસકાંઠા (પ્રેરક - પૂ. પંન્યાસપ્રવર કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય.)

૮૩) શ્રી ઉંઝા જૈન મહાજન (પ્રેરક - પૂ. પંન્યાસપ્રવર શ્રી અપરાજિતવિજયજી ગણિવર્ય તથા પૂ. મુનિરાજ શ્રી હેમદર્શનવિ. મ.)

૮૪) શ્રી સીમંધર જૈન દેરાસર, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (પૂર્વ), મુંબઈ.
(પ્રેરક - પૂ.સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજીના શિષ્યા પૂ.સા. શ્રી તત્ત્વપ્રજ્ઞાશ્રીજી આદિ)

૮૫) શ્રી બાપુનગર શ્વે. મૂ. જૈન સંઘ, અમદાવાદ.

૮૬) શ્રી શેફાલી જૈન સંઘ, અમદાવાદ.

૮૭) શાન્તાબેન મણિલાલ ઘેલાભાઈ પરીખ ઉપાશ્રય, સાબરમતી, અમદાવાદ. (પ્રેરક- સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ. તથા સા.શ્રી રત્નત્રયાશ્રીજી મ.)

૮૮) શ્રી આડેસર વિશા શ્રીમાળી જૈન દેરાવાસી સંઘ (પ્રેરક - આ. શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.)

૮૯) શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાલા એવં શ્રી શ્રેયસ્કર મંડલ, મહેસાણા.

૯૦) શ્રી તપાગચ્છ સાગરગચ્છ આણંદજી કલ્યાણજી પેઢી, વિરમગામ (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)

૯૧) શ્રી મહાવીર શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, વિજયનગર, નારણપુરા, અમદાવાદ

૯૨) શ્રી સીમંધરસ્વામિ જૈન સંઘ, અંધેરી (પૂર્વ) (પ્રેરક : સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.)

૯૩) શ્રી ચકાલા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)

૯૪) શ્રી અઠવાલાઈન્સ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ તથા શ્રી ફૂલચન્દ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત

૯૫) શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ - સંસ્થાન, બ્યાવર (રાજસ્થાન) (પ્રેરક : આ. શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા.)

૯૬) પાલનપુરનિવાસી મંજૂલાબેન રસિકલાલ શેઠ (હાલ મુંબઈ), (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)

૯૭) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ.જૈન સંઘ, પદ્માવતી એપાર્ટમેન્ટ, નાલાસોપારા (ઈ), (પ્રેરક- પ.પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.)

૯૮) શ્રી ઋષભ પ્રકાશભાઈ ગાલા, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વે.), (પ્રેરક : પ.પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.)

૯૯) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધક ટ્રસ્ટ, પુખરાજ રાયચંદ આરાધના ભવન, સાબરમતી (પ.પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ આ.દે. શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના ઉપકારોની સ્મૃતિમાં)

૧૦૦) શ્રી કુંદનપુર જૈન સંઘ, કુંદનપુર - રાજસ્થાન, હ. શ્રી શાંતિલાલજી મુથા.

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું

# જ્ઞાનામૃતં ભોજનમ્...

પરિવેષક

પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આ. **હેમચન્દ્રસૂરીશ્વર** શિષ્ય

આ. **કલ્યાણબોધિસૂરીશ્વરજી** મ.સા.

૧. **સિદ્ધાન્તમહોદધિ મહાકાવ્યમ્** - સાનુવાદ.

૨. **ભુવનભાનવીયમ્ મહાકાવ્યમ્** - સાનુવાદ, સવાર્તિક.

૩. **સમતાસાગર મહાકાવ્યમ્** - સાનુવાદ.

૪. **પરમપ્રતિષ્ઠા કાવ્યમ્** - સાનુવાદ, કલાત્મક આલ્બમસાથે.

૫. **જીરાવલીયમ્ કાવ્યમ્** - સાનુવાદ.

૬. **પ્રેમમંદિરમ્** - કલ્યાણમંદિર પાદપૂર્તિ સ્તોત્ર-સાનુવાદ, સવાર્તિક.

૭. **છંદોલંકારનિરૂપણમ્** - કવિ બનવાનો શોર્ટકટ-પોકેટ ડાયરી.

૮. **તત્ત્વોપનિષદ્** -

૯. **વાદોપનિષદ્** -

૧૦. **વેદોપનિષદ્** -

૧૧. **શિક્ષોપનિષદ્** -

(૮-૧૧) શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિકૃત ષષ્ઠી, અષ્ટમી, નવમી, અષ્ટાદશી **દ્વાત્રિંશિકા** પર સંસ્કૃત વૃત્તિ - સાનુવાદ.

૧૨. **સ્તવોપનિષદ્** - શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ તથા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય કૃત અદ્ભુત સ્તુતિઓના રહસ્ય -સાનુવાદ.

૧૩. **સત્ત્વોપનિષદ્** - **યોગસાર** ચતુર્થપ્રકાશવૃત્તિ - સાનુવાદ. (માત્ર સંયમી ભગવંતો માટે)

૧૪. **દેવધર્મોપનિષદ્** - મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત **દેવધર્મપરીક્ષા** ગ્રંથની ગુર્જર ટીકા.

૧૫. **પરમોપનિષદ્** - મહોપાધ્યાય શ્રીયશોવિજયજી આદિ કૃત પાંચ પરમકૃતિઓ પર ગુર્જરવૃત્તિ,

| | | |
|---|---|---|
| ૧૬. | આર્ષોપનિષદ્-૧ | શ્રી પ્રત્યેકબુદ્ધપ્રણીત **ઋષિભાષિત** (ઈસિભાસિયાઈ) **આગમસૂત્ર** પર સંસ્કૃત ટીકા. |
| ૧૭. | આર્ષોપનિષદ્-૨ | |
| ૧૮. | વૈરાગ્યોપનિષદ્ | શ્રી હરિહરોપાધ્યાયકૃત **ભર્તૃહરિનિર્વેદ** નાટક-ભાવાનુવાદ. |
| ૧૯. | સૂક્તોપનિષદ્- | પરદર્શનીય અદ્ભુત સૂક્તોનો સમુચ્ચય તથા રહસ્યાનુવાદ. |
| ૨૦. | કર્મોપનિષદ્- | સિદ્ધાન્તમહોદધિ શ્રી પ્રેમસૂરીશ્વરજી કૃત **કર્મસિદ્ધિ** ગ્રંથ પર ભાવાનુવાદ. |
| ૨૧. | વિશેષોપનિષદ્- | શ્રી સમયસુંદર ઉપાધ્યાયજી કૃત વિશેષ-શતક ગ્રંથ પર ગુર્જર ભાવાનુવાદ. |
| ૨૨. | હિંસોપનિષદ્- | શ્રી હરિભદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ અવચૂરિ અલંકૃત **હિંસાષ્ટક** ગ્રંથ પર ગુર્જર ટીકા. |
| ૨૩. | અહિંસોપનિષદ્- | અજ્ઞાતકર્તૃક (પ્રવાદતઃ શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત) **નાનાચિત્તપ્રકરણ** પર સંસ્કૃત ટીકા-સાનુવાદ. |
| ૨૪. | ધર્મોપનિષદ્- | વેદથી માંડીને બાઈબલ સુધીના ધર્મશાસ્ત્રોના રહસ્ય. |
| ૨૫. | શમોપનિષદ્- | નવનિર્મિત **સપ્તકપ્રકરણ** - સાનુવાદ. |
| ૨૬. | લોકોપનિષદ્- | શ્રી હરિભદ્રસૂરિકૃત **લોકતત્ત્વનિર્ણય** ગ્રંથ પર સંસ્કૃત વૃત્તિ (ભાગ-૧). |
| ૨૭. | આત્મોપનિષદ્- | શ્રી ઉદયનાચાર્યકૃત **આત્મતત્ત્વવિવેક** ગ્રંથ પર ગુર્જર ટીકા (ભાગ-૧). |
| ૨૮. | સામ્યોપનિષદ્- | મહો. શ્રી યશોવિજયજી કૃત **સમાધિ - સામ્યદ્વાત્રિંશિકા** સચિત્ર સાનુવાદ. |
| ૨૯. | આગમોપનિષદ્- | **વિસંવાદપ્રકરણ** (આગમપ્રતિપક્ષનિરાકરણ) પર વિશદ વિવરણ. |

| | | |
|---|---|---|
| ૩૦. | **સ્તોત્રોપનિષદ્-** | શ્રી વજ્રસ્વામિકૃત શ્રી **ગૌતમસ્વામીસ્તોત્ર** -સચિત્ર સાનુવાદ. |
| ૩૧. ૩૨. | **દર્શનોપનિષદ્-** | શ્રી માધવાચાર્યકૃત **સર્વદર્શનસંગ્રહ** ગ્રંથ પર ગુર્જર ટીકા. ભાગ : ૧-૨ |
| ૩૩-૩૪-૩૫. | **રામાયણના તેજ કિરણો** | - રામાયણી માટે પર્યાપ્ત આલંબન. ભાગ-૧-૨-૩. |
| ૩૬. | **જ્ઞાનોપનિષદ્-** | **અષ્ટાવક્ર ગીતા** પર સંસ્કૃત વૃત્તિ. |
| ૩૭. ૩૮. | **સંબોધોપનિષદ્** | સટીક શ્રી રત્નશેખરસૂરિકૃત **સંબોધસપ્તતિ** ગ્રંથ પર ગુર્જરવૃત્તિ. ભાગ : ૧-૨ |
| ૩૯. | **ઈષ્ટોપનિષદ્-** | શ્રી પૂજ્યપાદસ્વામિકૃત **ઈષ્ટોપદેશ** ગ્રંથ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ. |
| ૪૦. ૪૧. | **વિમોહોપનિષદ્-** | શ્રી યશપાલમંત્રીકૃત **મોહરાજપરાજય** નાટક પર વિષમપદ વ્યાખ્યા અને અનુવાદ. ભાગ : ૧-૨ |
| ૪૨. | **શ્રામણ્યોપનિષદ્-** | દશવિધ યતિધર્મ પર નવનિર્મિત પ્રકરણ (બીજું નામ શ્રમણશતક). |
| ૪૩. | **સફળતાનું સરનામું** - | સફળતાની ઈચ્છુક વ્યક્તિએ વાંચવા યોગ્ય ગુર્જર ગ્રંથ. |
| ૪૪. | **પ્રસન્નતાની પરબ** - | વક્તા-શ્રોતા બન્નેને ઉપયોગી વૈરાગ્યાદિ રસઝરણા. |
| ૪૫. | **સૂત્રોપનિષદ્-** | **શ્રીસૂત્રકૃતાંગસૂત્ર** દ્વિતીય શ્રુતસ્કંધની સંસ્કૃત સંગ્રહણી. શ્રી સૂત્રકૃતાંગદીપિકા ભાગ-૨ ના પુનઃસંપાદન સાથે. |
| ૪૬. | **પ્રવ્રજ્યોપનિષદ્-** | અજ્ઞાતકર્તૃક **પ્રવ્રજ્યાવિધાન** પર ગુર્જર વૃત્તિ. |

૪૭. **દેશનોપનિષદ્** - વૈરાગ્યદેશનાદક્ષ પૂ. ગુરુદેવશ્રીના વાચનાઓનું સંસ્કૃત કાવ્યમય અવતરણ.

૪૮. **જીરાવલા જુહારીએ** - ગીત ગુંજન.

૪૯. **અસ્પર્શોપનિષદ્** - મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત **અસ્પૃશદ્ગતિવાદ** પર ગુર્જર વૃત્તિ.

૫૦. **હિતોપનિષદ્** - **અધ્યાત્મકલ્પદ્રુમ**ના યતિશિક્ષોપદેશાધિકાર તથા **યતિશિક્ષા-પંચાશિકા** પર ગુર્જર વાર્ત્તિક+સાનુવાદ સાવચૂરિ **યતિવિચાર**.

૫૧. **ઉપદેશોપનિષદ્** - **ઉપદેશરત્નકોષ** પર સંસ્કૃતવૃત્તિ-સાનુવાદ.

૫૨. **પ્રાર્થનોપનિષદ્** - અલંકારિક સ્તુતિઓ પર તાત્પર્યવૃત્તિ-સાનુવાદ.

૫૩. **સદ્બોધોપનિષદ્** - **સદ્બોધચન્દ્રોદય** પંચાશિકા પર સંસ્કૃત સાનુવાદ વાર્ત્તિક.

૫૪.-૫૫. **અંગોપનિષદ્** - અદ્યાવધિ અમુદ્રિત ગ્રંથ શ્રી **અંગચૂલિકાસૂત્ર** પર સંસ્કૃત વૃત્તિ ભાગ-૧-૨

૫૬. **વર્ગોપનિષદ્** - અદ્યાવધિ અમુદ્રિત ગ્રંથ શ્રી **વર્ગચૂલિકાસૂત્ર** પર સંસ્કૃત વૃત્તિ.

૫૭. **આગમની આછી ઝલક** ૪૫ આગમ સંક્ષિપ્ત પરિચય

૫૮. **જૈનં જયતિ શાસનમ્** - બુદ્ધિજીવીઓને અવિશ્વસનીય જૈન સિદ્ધાન્તોની આધુનિક પ્રસંગો દ્વારા સિદ્ધિ.

૫૯. **આઈ આઈ રે અંજનશલાકા** - અંજનશલાકા-સ્ટેજ પ્રોગ્રામ માટે આલંબન.

૬૦. **પંચકોપનિષદ્** - શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત **જ્ઞાનપંચક-વિવરણ** ગ્રંથ પર નૂતન સંસ્કૃત વૃત્તિ.

૬૧. **અવધૂતોપનિષદ્** - શ્રી દત્તાત્રેય અવધૂત પ્રણીત **અવધૂતગીતા**ની મનનીય સૂક્તિઓ પર નૂતન સંસ્કૃત વૃત્તિ.

૬૨. **દુઃષમોપનિષદ્** - **દુઃષમગંડિકા** ગ્રંથ પર વિશદ વૃત્તિ, સાનુવાદ

૬૩. **પ્રથમોપનિષદ્** - રત્નાકર પચ્ચીશી-પ્રાચીન ટીકા આદિ વિશિષ્ટ કૃતિઓનું પ્રથમ પ્રકાશન.

૬૪. **અર્હન્નામસહસ્રસમુચ્ચય** - કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યરચિત કૃતિ-સચિત્ર સંપાદન.

૬૫. **ઉપાસનોપનિષદ્** - પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત **ધૂમાવલિ** + **સર્વજિનસાધારણસ્તવન** આ બે વિશિષ્ટ કૃતિઓ-સચિત્ર સાનુવાદ.

૬૬. **સુખોપનિષદ્** - **પરમસુખ**પ્રાપ્તિરૂપ ચિત્તશુદ્ધિફળ, સચિત્ર-સાનુવાદ.

૬૭. **દયોપનિષદ્** - **જીવદયા પ્રકરણ** પર નૂતન સંસ્કૃત વૃત્તિ-સાનુવાદ

૬૮. **શંખેશ્વર સ્તોત્ર** - મહો. યશોવિજયજી મહારાજાની કૃતિ, સચિત્ર-સાનુવાદ.

૬૯. **દાનાદિ પ્રકરણ** - શ્રી સૂરાચાર્યકૃત પ્રકરણ, ત્રુટિતકાવ્યપૂર્તિ + અનુવાદ સહ.

૭૦. **ધ્યાનોપનિષદ્** - પ.પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી લિખિત **ધ્યાન અને જીવન** પુસ્તકનો સંસ્કૃત તાત્પર્યાનુવાદ.

૭૧. **પંચસૂત્રોપનિષદ્** - પ.પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી લિખિત **ઉચ્ચ પ્રકાશના પંથે** પુસ્તકનો સંસ્કૃત તાત્પર્યાનુવાદ.

૭૨. **પૂર્ણોપનિષદ્** - મહો. યશોવિજયજી મહારાજા કૃત **જ્ઞાનસાર** અંતર્ગત પૂર્ણાષ્ટક સચિત્ર-સાનુવાદ.

| | |
|---|---|
| ૭૩. **મગ્નોપનિષદ્-** | મહો. યશોવિજયજી મહારાજા કૃત **જ્ઞાનસાર** અંતર્ગત મગ્નાષ્ટક સચિત્ર-સાનુવાદ. |
| ૭૪. **ગૌતમાષ્ટક-** | પૂર્વાચાર્યકૃત મહાપ્રભાવક કૃતિ સચિત્ર - સાનુવાદ. |
| ૭૫. **વીરોપનિષદ્-** | શ્રીભદ્રબાહુસ્વામીકૃત **કલ્પસૂત્ર** અંતર્ગત પ્રભુ વીરનું સ્વરૂપ સચિત્ર-સાનુવાદ. |
| ૭૬. **આચારોપનિષદ્-** | દશ સામાચારી વિષયક નવનિર્મિત સંસ્કૃત પ્રકરણ-સાનુવાદ. |
| **૭૭ થી ૧૨૫- આનંદઘનની આત્માનુભૂતિ** | અલગારી અવધૂત શ્રી આનંદઘનજી મહારાજ પ્રણીત આધ્યાત્મિક પદ આધારિત પરિશીલન શૃંખલા (સચિત્ર). |

## सचित्र हिन्दी प्रकाशन

- **स्टोरी स्टोरी -** मोहक एवं बोधक कहानीओ का अनोखा संग्रह ।
- **डायमंड डायरी -** जिस के प्रत्येक पेज पर है अद्भुत हीरे।
- **लाइफ स्टायल -** जीवन जीने की... जीतने की कला की प्रस्तुति ।
- **एन्जोय जैनीझम -** जैन... प्रसन्नता का पथ ।

**રત્નો** જે જીવનને,
મરણને અને જનમોજનમને આનંદમય બનાવશે.

Gems which will make life,
death & next lives
happy.

૫૧

MULTY GRAPHICS
(022) 23873222 23884222